જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । મંગળવાર । તા. ૦૮-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

મોદીનો માસ્ટરસ્ટ્રોકઃ સવર્ણોને ૧૦ ટકા અનામત મળશે...!!!!

ન્યુ દિલ્હી

૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પહેલાં જ કેન્દ્રની મોદી સરકારે મોટો નિર્ણય લીધો છે. મોદી સરકારે લોકસભા ચૂંટણી પહેલાં મોટો દાવ રમી ગરીબ સવર્ણો માટે નોકરી અને શિક્ષણમાં ૧૦ ટકા અનામત આપવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. સોમવારના રોજ કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આ પ્રસ્તાવને પાસ કરાયો.

કેન્દ્ર સરકાર અનામતની આ નવી ફોર્મ્યુલાને લાગૂ કરવા માટે અનામતનો ક્વોટા વધારશે. સરકાર સંવિધાન સંશોધન માટે પોતાના આ ગેમચેન્જર મનાઇ રહેલા મુવને અમલમાં મૂકવાની કોશિષ કરશે.

સૂત્રોના મતે અનામતનો હાલનો ક્વોટા ૪૯.૫ ટકાથી વધીને ૫૯.૫ ટકા કરાશે. તેમાંથી ૧૦ટકા ક્વોટા આર્થિક રીતે પછાત લોકો માટે હશે. આપને જણાવી દઇએ કે લાંબા સમયથી આર્થિક રીતે પછાત સવર્ણો માટે અનામતની માંગણી કરાઇ રહી હતી.

મહત્વનું છે કે અનામત આપીને કેન્દ્ર સરકારે આગામી ૨૦૧૯ની ચૂંટણીમાં પણ ઘણો લાભ લઈ શકે છે. માનવામાં આવી રહ્યું છે કે મંગળવારે મોદી સરકાર સંવિધાન સંશોધન બિલ સંસદમાં રજૂ કરી શકે છે. જણાવીએ કે મંગળવારે જ સંસદનાં શીતકાલીન સત્રનો છેલ્લો દિવસ છે.

સરકાર આના માટે જલ્દી જ સંવિધાનમાં બદલાવ કરશે. આના માટે સંવિધાનના અનુચ્છેદ ૧૫ અને અનુચ્છેદ ૧૬માં બદલાવ કરવામાં આવશે. બંન્ને અનુચ્છેદમાં બદલાવ કરીને આર્થિક આધાર પર આરક્ષણ આપવાનો રસ્તો સ્પષ્ટ થઈ જશે.



આજે સરકાર બંધારણીય સુધારો સંસદમાં રજૂ કરે તેવી શક્યતા,હાલનો ક્વોટા ૪૯.૫ ટકાથી વધીને ૫૯.૫ ટકા કરાશે,તેમાંથી ૧૦ ટકા ક્વોટા આર્થિક રીતે પછાત લોકો માટે હશે

૨૦૧૮માં SC/ST એક્ટમાં કરવામાં આવેલા પરિવર્તનને લઈને સવર્ણો અને મોદી સરકાર સાથે નારાજગી ચાલી રહી હતી. તેને જોતા ભાજપે આ નિર્ણય કર્યો છે. અનામતનો હાલનો ક્વોટા ૪૯.૫ ટકાથી વધીને ૫૯.૫ ટકા કરાશે.

ઉલ્લેખનીય છે કે નરસિમ્હા રાવ સરકારે આર્થિક આધાર પર અનામતનો નિર્ણય કર્યો હતો. ત્યાર બાદ સરકારે ૧૯૯૧માં ૧૦ ટકા અનામતનો નિર્ણય કર્યો હતો પરંતુ સુપ્રીમ કોર્ટે આ નિર્ણયને ફગાવતા કહ્યુ કે ગરીબી અનામતનો આધાર નથી.

કેન્દ્ર સરકારે આર્થિક રીતે પછાત સવર્ણો માટે ૧૦ ટકા ક્વોટાના પ્રસ્તાવને પાસ કરી દીધો છે, પરંતુ તેને લાગૂ કરવો હજુ ખૂબ મુશ્કેલ છે. સરકારને તેના માટે સંવિધાનમાં સંશોધન કરવું પડશે. તેના માટે તેને સંસદમાં અન્ય દળોનું સમર્થન પણ મેળવવું પડશે.

આગામી બે-ત્રણ મહિનામાં લોકસભા ચૂંટણી આવવાની છે. આ જોતાં સવર્ણોને અનામત આપવાનો નિર્ણય ભાજપ માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. તાજેતરમાં જ ભાજપના જ ગઢ એવા મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં ભાજપનો પરાજય થયો હતો. આ ઉપરાંત ગત લોકસભા ચૂંટણીમાં ઉત્તરપ્રદેશમાં ભાજપને ૮૦માંથી ૭૩ બેઠક મળી હતી. આ વખતે ભાજપને પડકાર આપવા સપા અને બસપા હાથ મિલાવાના છે. આથી આ ગઠબંધનનો સામનો કરવા માટે ભાજપે માસ્ટરસ્ટ્રોક માર્યો હોવાનું કહેવાય છે.

આજથી બે દિવસ બેન્ક કર્મચારીઓની હડતાળઃ કરોડોના વ્યવહારો અટકશે

ન્યુ દિલ્હી

દેશના ૧૦ લાખ જેટલાં બેંક કર્મચારીઓ મંગળવારથી બે દિવસની હડતાળ પર જવાના છે, જેના કારણે કરોડો રૂપિયાના બેંક વ્યવહારો અટકી પડશે. બેંકોના ખાનગીકરણ સહિત ૮ સૂત્રી માંગણીઓ પૂરી નહિ થવાના કારણે અને સરકારની નીતિઓ વિરુદ્ધ બેંકોના જુદા જુદા ટ્રેડ યુનિયનોદ્વારા તા. ૮મી અને ૯મી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રવ્યાપી હડતાલનું એલાન આપવામાં આવ્યું છે. રાષ્ટ્રીય કૃત બેંકોના તમામ કર્મચારીઓની હડતાળને કારણે સોમવારે સાંજે જે બેંકોનું ક્લિયરિંગ રજૂ કરવામાં આવશે તેને મંગળવારે અને બુધવારે ક્રેડીટ મળશે નહીં અને ગુરૂવારે સાંજે તમામને આ ક્લિયરિંગ ક્રેડીટ મળશે.

જો આ મોદીની લોલીપોપ હશે તો હું ખુલ્લેઆમ વિરોધ કરીશઃ હાર્દિક પટેલ

અમદાવાદ

કેન્દ્રીય કેબિનેટના સવર્ણોને ૧૦ ટકા અનામત આપવાના નિર્ણયને લઈ ગુજરાતમાં પાટીદારો માટે અનામતનું આંદોલન કરનારા પાસના હાર્દિક પટેલે નિવેદન આપતાં કહ્યું છે કે, જો ૧૦ ટકા અનામત લાગુ થશે તો ચોક્કસ હું તેને આવકારીશ. અને જો આ નરેન્દ્ર મોદીની લોલીપોપ હશે તો હું તેમનો ખુલ્લેઆમ વિરોધ કરીશ. સવર્ણોના વોટને પોતાના તરફ આકર્ષવાનો આ સરકારનો ધંધો હોઈ શકે છે. અને નરેન્દ્રભાઈનો એ બાબતે ખૂબ જ માસ્ટર છે કે કઈ રીતે જાહેરાતો કરવી, કઈ રીતે બધાને આકર્ષવા, કઈ રીતે લોકોને મૂર્ખ બનાવવા. જો એવો પ્રયાસ હોય તો લોકોએ જાગૃત થવાની જરૂર છે. જો સરકાર તમને વારંવાર મૂર્ખ બનાવતી રહેશે તો મને લાગે છે કે લોકોએ સરકાર સામે પોતાનો અવાજ મક્કમતાથી ઉઠાવવો પડશે.

હાર્દિક પટેલે જણાવ્યું કે, જો ૧૦ ટકા અનામત આ બંધારણીય રીતે લાગુ નહીં થાય તો મોદી સાહેબે લોકોને નવી લોલીપોપ આપી છે. સમગ્ર દેશમાં સવર્ણ સમાજનો ઉગ્ર વિરોધ વધી રહ્યો છે તેને ડામવાનો આ પ્રયાસ છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ કે ગુજરાત હોય જે વિસ્તારોમાં બ્રાહ્મણો કે રાજપૂત એમના વિરોધમાં. ગુજરાતમાં પટેલ સમાજ તેમના વિરોધમાં છે તેને ડામવાનો આ પ્રયાસ હોઈ શકે છે. પણ જ્યાં સુધી ઠરાવ નહીં વાંચું ત્યાં સુધી તેની ખબર નહીં પડે. હાર્દિકે કહ્યું કે, ૧૦ ટકા અનામત માટે કયો ફોમ્યૂલા શું છે તે જોવું પડશે? કયા કયા સમાજને સમાવવામાં આવ્યા છે તે જોવું પડશે? બંધારણીય હશે કે ગેરબંધારણીય હશે તે જોવું પડશે. આર્થિક આધારે આપી છે કે સામાજિક આધારે આપી છે તે પણ ચેક કરવું પડશે. કેબિનેટના ઠરાવને પણ સમજવો પડશે.

જન્મદિવસની હાર્દિક શુભકામના



ધનંજય ઝવેરી

આપ તરફથી મળતી પ્રેરણા અમારા જીવનકાર્યમાં નવી સ્ફૂર્તિ પ્રેરે છે. આપ અમારા માટે કોઈ HERO થી કમ નથી. જે આટલા વર્ષોથી, આટલી વયે પણ અથાગ મહેનત કરી રહ્યાં છે. **You are our inspiration.** *બસ, વધારે લખતાં નથી આવડતું. ભગવાન આપનું સ્વાસ્થ્ય સારું રાખે તેમજ કાયમ ખુશ રહો એવી પ્રાર્થના.*

From : Your Anki..

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીચેરીંગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચુક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

સર્વિસ પ્રોવાઇડર નિમવાના છે

MARKET4U (રજી.) કંપની ને પોતાના જાહેરાત,મેરેજ, લગ્ન ના ઓન-લાઈન પ્લેટફોર્મ ની સેવાઓ માટે ગુજરાત ના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મુડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંક માં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક ધોરણે જે પહેલાં ના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૨૫% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે)

7575006847, 7575006848
7575006850 (વોટ્સએપ) સમય 10am to 5pm

આવતી કાલે રવિવારે શોરૂમ ખુલ્લો રહેશે

Paras SAREES & DRESS MATERIALS

સેલ 30% ડિસ્કાઉન્ટ

3 સાડી નેન્સી ₹330

3 સાડી જ્યોર્જેટી ઝલાટિંગ સાથે ₹450

3 કોટન ક્રેપ મટીરીયલ દુપટ્ટા સાથે ₹999

પરાગ હાઉસ, ઉધના દરવાજા, રીંગ રોડ, સુરત. Mo. : 98251 00702

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને માતું સહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. કોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, થોપડા ખરીદી પર થતા વેપારને સેકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનજાગૃત્તિ વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જાણ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ વર્તવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજનાં ભાઇબહેન અને વિદ્યાર્થીસુધ્ધની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ સુરક્ષાની જાગૃત્તિ અને પર્યાવરણની જાળવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

અમેરિકા સમસ્ત વિશ્વમાં વસતા પોતા વિસ્તાર દેશમાં નાગરિકોની ઓળખ આપવા અને સમસ્યા મૌલિકતી, ઈમરજન્સી, બિનજરૂરી દુર્ઘટના પ્રસંગે કરતી સમયમાં મદદ કરવાને જુદાજુદા વ્યવસાય સાથે મુકવર્તીઓને સાથે કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની સેવા, લોકોની સાથે પોતાના સંપર્ક વિસ્તારમાં મદદે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ બનવાનો સુયુક્ત પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ સેવા, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અમારો આ વિશે સમજણ આપી સૌને જોડી સામાજિક અને આર્થિક સમાનતાનો ઉદેશ મેળવી વ્યસન મુક્તિના આપણે સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને તમારી ઓળખી, નોકરી મેળવવા ઈમેલ્યમેન્ટની ઓળખી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ બધી વિગો વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. ગરૂબવર્ગમાં માત્ર રૂ. ૫૫૦/- ભરવા માટે ભરવામાં આવશે. અમારો જોડી આવેલા કસ્ટિમરની ઓળખ કુરિયર દ્વારા તમ મુજબ સ્થેલ કામકામોની સુરવણ કરી, જે માટે તમારી દરમિયાન કોલ્ટ પરથી વસુલ કરવામાં આવશે.

તો આવો સૌ સાથે મળી સમાજીકરણનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in

આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક જીવનસી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની સેવારૂપ વ્યવસ્થા મેળવી આપના વ્યવસ્થા પેકમાંથી

(PLAN - A)

LEVEL	INCOME
1st	100/-
2nd	70/-
3rd	50/-
4th	40/-
5th	30/-
Total	290/-

માત્ર ૫૫૦/-માં

(PLAN - B)

LEVEL	INCOME
1st	750/-
2nd	500/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-
Total	1900/-

માત્ર ૩૦૦૦/-માં



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો | ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશોક મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

લખતરમા હવે અંતિમ વિધિ માટે છાણાની તંગી નહી પડે



લખતર સ્મશાન માં અગ્નિદાહ માટેના છાણા ની તંગી પડતી હોવાથી ગોપી મંડળની બહેનો દ્વારા છાણા મળી રહે તે માટે સ્મશાન માં છાણા થાપવા પહોંચી જતા હવે અંતિમ વિધિ માટે છાણાની તંગી નહી પડે. લખતર માં આવેલ સર્વ હિન્દૂ જ્ઞાતિ નું સ્મશાન આવેલું છે આ સ્મશાનમાં છેલ્લા ઘણા વર્ષ થી શબ ને અગ્નિદાહ આપવા માટેના છાણા ની તકલીફ પડતી હતી અને છાણા ઘરે ઘરે લેવા જવું પડતું હતું આથી લખતર સમશનમાં ધુન કરવા આવતી મહિલાઓના મન માં વિચાર આવ્યો કે આપણે જ લખતર પાંજરાપોળ માંથી છાણ લાવી સ્મશાન માંજ છાણા થાપી એ તો લખતર સ્મશાન માં અગ્નિદાહ આપવા આવતા લોકોને અને જેમના ઘરનું સભ્ય મરણ પામ્યું છે તેમને તકલીફના પડે અને સ્મશાન માંજ છાણા મળી રહે આથી લખતરના સેવાભાવી બુજર્ગ ની મદદ થી લખતર પાંજરાપોળ માંથી બે ટ્રેકટર છાણ લાવી છાણા સ્થાપી અપના હાથ જગનનાથ ની કહેવત યથાર્થ ઠેરવી લખતર ના લોકોને પડતી તકલીફ દૂર કરવાનો ભગીરથ પ્રયાસ કર્યો હતો. આ કાર્ય માં લખતર ગામની ગોપી મંડળની મહિલાઓએ ભાગ લઈ યથાશક્તિ ભાગ લીધો હતો અને લખતર પાંજળાપોળે છાણા માટે નુ છાણ પુરૂ પાડતા ગોપી મંડળ ની મહિલા ઓ એ સ્મશાન માજ છાણા બનાવી દઈ ને સેવા નુ ઉમદા કામ કરેલ છે.

વોલ્વો કાર ઈન્ડિયાએ ૨૦૧૮માં ૩૦ ટકાની વેચાણ વૃદ્ધિ નોંધાવી

સુરત

વોલ્વો કાર ઇન્ડિયાએ વર્ષ ૨૦૧૭ની સરખામણીમાં કેલેન્ડર વર્ષ ૨૦૧૮માં વેચાણમાં ૩૦ ટકાની મજબૂત વૃદ્ધિ નોંધાવી છે. વર્ષ ૨૦૧૮માં ૨,૬૩૮ યુનિટના વેચાણ સાથે વોલ્વો કારે મજબૂત વૃદ્ધિ નોંધાવી છે. સ્વિડિશ લક્ઝરી બ્રાન્ડની એસપીએ અને સીએમએ પ્લેટફોર્મ કાર્સે એક્સસી૬૦, એક્સસી૪૦, એક્સસી૯૦ અને એસ૯૦ના વેચાણમાં સારી વૃદ્ધિ સાથે માર્કેટમાં સ્થાન મજબૂત કર્યું છે. લક્ઝરી ઓટોમેટિવ માર્કેટમાં વોલ્વો કાર્સે નવી પ્રોડક્ટ્સના લોન્ચ અને નવા ડીલરના ઉમેરાનું જાળવી રાખ્યું છે. વર્ષના અંતે એક્સસી૪૦એ ઓટોકાર એવોર્ડ્સમાં આઈસીઓટીવાય તરફથી પ્રતિષ્ઠિત પ્રીમિયમ કાર એવોર્ડ' અને ઓટોકાર એવોર્ડ્સ ખાતે 'કોમ્પેક્ટ લક્ઝરી એસયુવી ઓફ ધ યર'નો ખિતાબ મેળવ્યો છે.

વોલ્વો કાર ઇન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર ચાર્લ્સ ફ્રમ્પે જણાવ્યું હતું કે, ×વોલ્વો કાર ઇન્ડિયા માટે વર્ષ ૨૦૧૮ ખુબજ સારું રહ્યું છે અને અમે વધુ એક વર્ષ રેકોર્ડ સેલ્સ સાથે પૂર્ણ કર્યું છે.

અહીં વોલ્વો આગળ વધી રહ્યું છે અને હું આ માર્કેટમાં અમારી બ્રાન્ડના પર્ફોર્મન્સ પ્રત્યે આશાસ્પદ છું. આ સિદ્ધિ અંગે હું અમારા ગ્રાહકો, ડીલર પાર્ટનર્સ અને મારી ટીમનો આભાર વ્યક્ત કરું છું કે જેમણે વર્ષ ૨૦૧૮ને સફળ બનાવ્યું છે. મને વિશ્વાસ છે કે વોલ્વો કાર ઇન્ડિયા માટે વર્ષ ૨૦૧૯ સારું રહેશે અને અમે કંપની અને ડીલરની નફાકારકતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરીશું.

રાણપુર પંથકના લોકોને હવે પાણી માટે વલખા નહી મારવા પડે

રાણપુર શહેર તેમજ રાણપુર તાલુકામાં સુખભાદર ડેમ આધારીત પાણી પુરવઠા યોજના અંતર્ગત ૯૬,૬૧ કરોડના કામો મંજુર



બોટાદ જીલ્લાના રાણપુર શહેર તેમજ રાણપુર તાલુકાના ગામડાઓમાં વર્ષોથી પાણી ની સમસ્યા હતી રાણપુર પંથકના લોકો પીવાના પાણી માટે રજળપાટ કરતા હતા તંત્ર ને વારંવાર રજુઆત પણ કરવામાં આવતી હતી રાણપુર શહેર વસ્તી ૨૫ હજારની હોય છતા પણ અત્યારે દસ દિવસે માંડ માંડ પીવાનુ પાણી મળે છે અગાઉ પણ રાણપુર ને પીવાનુ ચોખ્ખુ પાણી મળે તે માટે પાણી પુરવઠા મંત્રીને અનેકવાર રજુઆતો કરવામાં આવતી હતી સુખભાદર ડેમ માંથી પાણી રાણપુર પહોચે એ પહેલા વચ્ચે ના ગામવાળા પાણી લઈ લેતા પરિણામે રાણપુરના લોકો પાણી વગરના રહેતા વર્ષોથી સરકાર પાસે માંગણી હતી કે રાણપુરની જનતા ને પુરતા પ્રમાણમાં પીવાનુ પાણી મળી રહે તે માટે કોઈ સારી યોજના લાવવામાં આવે ત્યારે બરવાળા પાણી પુરવઠા બોર્ડ દ્વારા સરકાર માં સદર કરવામાં આવેલ દરખાસ્ત પ્રમાણે નવનિયુક્ત પાણીપુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા દ્વારા રાણપુર શહેર અને રાણપુર તાલુકાના ગામડાઓના પીવાના પાણી પ્રશ્નનો હલ કરવા સુખભાદર ડેમ આધારીત રાણપુર શહેર અને રાણપુર તાલુકાના ગામડા જેમાં ઉમરાળા, અલમપુર, રાજપરા, બુબાવાવ સહીતના ૩૧ ગામો માટે સરકાર દ્વારા રૂ.૯૬.૬૧ કરોડની રાણપુર પાણીપુરવઠા યોજના મંજુર કરવામાં આવેલ છે રાણપુર તાલુકાની વર્ષો જુની માંગણી પાણીપુરવઠા મંત્રી કુવરજીભાઈ બાવળીયા આ માંગણી પુરી કરતા રાણપુર પંથકના લોકોમાં આનંદ પ્રસરી ગયો છે

આ અંગે બરવાળા પાણીપુરવઠા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર જે.પી. ચુડાસમા સાથે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે પાણીપુરવઠા મંત્રી કુંવજીભાઈ બાવળીયા દ્વારા રાણપુર પંથક માટે રૂપિયા ૯૬.૬૧ કરોડની પોવાના પાણી માટે ફાળવવામાં આવ્યા છે આ યોજનામાં વૈકલ્પીક સ્તોત તરીકે નર્મદા બલ્ક પાઈપલાઈન દ્વારા પણ પાણી પહોચાડવામાં આવશે આ યોજના માં ઉમરાળા ગામ પાસે મુખ્ય હેડલકેસ બનાવવામાં આવશે જયા ફીલ્ટર પ્લાન્ટ તેમજ ઉંચી ટાંકી બનાવવામાં આવશે તેમજ રાણપુર શહેરમાટે ઉમરાળા હેડ વર્કસથી સ્પેસ્યલ અલગથી નવી પાણીની લાઈન રાણપુર પીવાના પાણીના સંપ સુધી નાખવામાં આવેશે હાલતો રાણપુર શહેર અને રાણપુર પંથકના લોકોને આ યોજનાની જાણ થતા ખુશીની લાગણી ફેલાઈ ગઈ છે.

આજે માલનપાડા ખાતે વલસાડ જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાશે

વલસાડ

નોંધારાનો આધાર અને વંચિતોના વિકાસને વરેલા મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરણાથી વલસાડ જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો તા.૮/૧/૨૦૧૯ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે ધરમપુર તાલુકાના માલનપાડા ખાતે વન અને આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરની અધ્યક્ષતામાં યોજાશે. આ અવસરે ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લી.ના ઉપાધ્યક્ષ અમરશીભાઈ ખાંભલીયા, સાંસદ ડાક્ટર.કે.સી.પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ મણિલાલ પટેલ, ધારાસભ્યો સવે ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, કનુભાઈ દેસાઈ, જીતુભાઈ ચૌધરી હાજર રહેશે. છેવાડાના માનવી સુધી ગુજરાત સરકારની કલ્યાણ યોજનાઓના લાભો હાથોહાથ પહોંચાડવાના આ કલ્યાણ યજ્ઞમાં સહભાગી થવા વલસાડ કલેક્ટર સી.આર.ખરસાણ અને જિલ્લા વિકાસ અધિકારી ડી.પી.દેસાઇ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ડીસેમ્બર-૨૦૧૮ના માસમાં નોંધપાત્ર કામગીરી કરનાર

પોલીસ કર્મચારીને એલ.સી.બી. પશ્ચિમ કચ્છના કોપ ઓફ ધી મન્થ જાહેર કરી સન્માનીત કરતા ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર



ભુજ કચ્છ: ગત માહે ૧૨-૨૦૧૮ ના માસમાં ડી.બી.વાઘેલા, પોલીસ મહાનિરીક્ષક, સરહદી રેન્જ ભુજનાઓએ પશ્ચિમ કચ્છ જિલ્લામાં વાર્ષીક ઈન્સપેકશન દરમ્યાન વર્ષ દરમ્યાન પશ્ચિમ કચ્છ પોલીસના જુદા-જુદા ક્ષેત્રોમાં નોંધ પાત્ર સારી અને પ્રશંસનીય કામગીરી કરનાર ૧૭ જેટલા પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓને પ્રશંસાપત્ર આપી પ્રોત્સાહીત કરેલા, અને સાહેબએ સુચના કરેલ કે દરમાસે પોલીસ સ્ટેશન તથા શાખાઓમાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓ કે કર્મચારીઓ માસ દરમ્યાન પોતાના ક્ષેત્રમાં સારી અને પ્રશંસનીય કામગીરી કરે તો તેવા અધિકારી/કર્મચારીઓને કોપ ઓફ ધી મન્થ તરીકે પો.સ્ટે./શાખા ઈન્ચાર્જએ આવા અધિકારી/કર્મચારીઓને પ્રોત્સાહીત કરવા સન્માનપત્ર આપવા જણાવેલ જે અનુસંધાને પશ્ચિમ કચ્છ જિલ્લના એલ.સી.બી.માં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ મહિપાલસિંહ નરેન્દ્રસિંહ જાડેજાએ માહે-૧૨-૨૦૧૮ ના માસમાં ઉપરી અધિકારીશ્રીઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોતાની ફરજ ખુબજ ખંત અને નિષ્ઠા પુર્વક બજાવી ગણા લાંબા સમયથી મુન્દ્રા પો.સ્ટે.ના અડાણી પોર્ટ રોડ પર આવેલ જુદા-જુદા પાર્કિંગ અને જુદી-જુદી હાઈવે રોડની હોટલો ઉપર પાર્ક થયેલ વાહનોમાંથી ડીઝલ ચોરી થતી હતી જે ડીઝલ ચોરી કરતી ગેંગના ચાર સભ્યો મુદામાલ તથા વાહન સાથે પકડી પાડવામાં બાતમી મેળવવા સફળ રહેલ, અને મુન્દ્રા પો.સ્ટે.ના ડીઝલ ચોરીના ૭ ગુના ડીટેકટ કરાવેલ જેના કદર રૂપે પોલીસ મહાનિરીક્ષક તેમજ ઈન્ચાર્જ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ એમ.બી.ઔસુરા, ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર, એલ.સી.બી. પશ્ચિમ કચ્છ ભુજનાઓએ આજરોજ પોલીસ કોન્સ્ટેબલ મહિપાલસિંહ નરેન્દ્રસિંહ જાડેજાને એલ.સી.બી. પશ્ચિમ કચ્છ ભુજના કોપ ઓફ ધી મન્થ જાહેર કરી પ્રશંસા પત્ર આપી સન્માનીત કરેલ છે. અને દર માસે જે જે અધિકારી/કર્મચારીઓ નોંધ પાત્ર કામગીરી કરશે તેઓને તે રીતે એલ.સી.બી. પશ્ચિમ કચ્છ ભુજના કોપ ઓફ ધી મન્થ જાહેર કરી સન્માન પત્ર આપી સન્માનીત કરવામાં આવશે.

અનુ.જાતિ અને અનુ.જનજાતિનાં પરિક્ષાર્થીઓની વહારે અખિલ કચ્છ સમસ્ત મેઘવંશી ગુર્જર મેઘવાળ સમાજ

અખિલ કચ્છ સમસ્ત મેઘવંશી ગુર્જર મેઘવાળ સમાજ દ્વારા કચ્છ બહારથી લોકરક્ષક દળની પરિક્ષા માટે આવેલા ઉમેદવારોને આપ્યું આશ્રય સ્થાન



ભુજ કચ્છ: ગત તારીખ ૬ જાન્યુઆરીના રોજ લોકરક્ષક દળની બહારથી આવતા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના પરીક્ષાર્થીઓ માટે શ્રી અખિલ કચ્છ સમસ્ત મેઘવંશી ગુર્જર મેઘવાળ સમાજના પ્રમુખ અને જીલ્લા કોંગ્રેસના મહામંત્રી ધર્મેન્દ્ર આર. ગોહિલ દ્વારા રહેવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.તેઓને પ્રતિક ભેટ આપી મીઠું મોઢું કરાવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

વોટ્સએપ ગ્રુપના સથવારે ગત તારીખ ૫ જાન્યુઆરીના રાત્રે ૮ કલાક સુધી તે તમામને રહેવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

આ પરી સાથીઓ મોરબી હળવદ માળીયા થી ૭૦ જેટલાએ લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં શ્રી અખિલ કચ્છ સમસ્ત મેઘવંશી ગુર્જર મેઘવાળ સમાજના પ્રમુખ અને જીલ્લા કોંગ્રેસના મહામંત્રી ધર્મેન્દ્ર આર. ગોહિલ સાથે સમાજના જિલ્લા મંત્રી અર્જુનભાઈ વાઘેલા,યુવા પ્રમુખ રાજીવ લોંચા, સુમંત દાફડા,ગૌતમ બુચિયા, રમેશ વાણીયા,ધનજી મેરિયા વિગેરે પરીક્ષાર્થીઓને સગવડો સાચવવામાં મદદરૂપ બન્યા હતા. ભુજ સિવાય પણ સમાજ તરફથી ભચાઉ, બુઢામોરા વિગેરે બહારથી આવતા પરીક્ષાર્થીઓ માટે રહેવાની સગવડ કરવામાં આવી હતી.આ કાર્યક્રમનું સંચાલન ગૌતમ બુચિયાએ કર્યું હતું.

કેટની પરીક્ષામાં રાજ્યના ૪૦થી વિદ્યાર્થી પાસ, અમદાવાદમાંથી ૨૬ પાસ થયા

અમદાવાદ

આઈઆઈએમ સહિતની દેશની ટોચની મેનેજમેન્ટ અને ઉચ્ચ સંસ્થાઓમાં પ્રવેશ માટે લેવાતી કોમન એડમિશન ટેસ્ટનું પરિણામ જાહેર થયું છે.

આ વર્ષે કેટની પરીક્ષામાં અમદાવાદના ૨૬ વિદ્યાર્થીઓએ ૯૯ કરતા વધુ પર્સેન્ટાઈલ મેળવી શહેરનું ગૌરવ વધાર્યું છે. જ્યારે ગુજરાતના ૪૦થી વધુ વિદ્યાર્થીઓ સફળ રહ્યાનો અંદાજ છે.

જો કે રાજ્યમાંથી ૩૦ વિદ્યાર્થીઓને ૯૯ કરતા વધુ પર્સેન્ટાઈલ હતા. જ્યારે ગત વર્ષે અમદાવાદના માત્ર ૨૦ જ વિદ્યાર્થીઓએ ૯૯ કરતા વધુ પરસેન્ટાઈલ મેળવ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ વખતે ૨૫ નવેમ્બર ૨૦૧૮ ના રોજેં સ કોલકાતા દ્વારા કોમન મેનેજમેન્ટ એડીમશન ટેસ્ટ લેવાઈ હતી. જેમાં આખા દેશમાંથી ૨.૪૧ લાખ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું જે પૈકી ૨.૦૯ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા.





મહાદેવ ટ્રસ્ટ સંચાલિત સ્પેશિયલ બાળકોની શાળામાં આજે સવારે લાફ્ટર કમલેશ મસાલાવાળાએ કાર્યક્રમ યોજી સ્પેશિયલ બાળકોને ખડખડાટ હસાવી હાસ્યા થેરાપી અંગે બાળકોને સમજણ આપી હતી.

સરથાણામાં ડી માર્ટના ડ્રાયફ્રૂટની ચોરી કરનાર કર્મચારી ઝડપાયો

સુરત

સરથાણા જકાતનાકા ડી. માર્ટ મોલમાં નોકરી કરનાર ધી-ડ્રાયફ્રૂટના પેકેટો ચોરી ગયો હતો. બીજી વખત ચોરી કરવા જતા ઝડપી લઈ સરથાણા પોલીસને સુપરત કરાયો હતો.

સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ડી-માર્ટના મેનેજર ચિંતનભાઈ હેમંતભાઈ ચૌધરીએ આરોપી સંજય વિરજી ડાયાણી (રહે. ધનલક્ષ્મી સોસાયટી, નાના વરાછા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ ડી-માર્ટમાં નોકરી કરતો હતો. ગત તા. ૧૮/૧૨/૧૮ના રોજ ઘીના સાત પેકેટ, ડ્રાયફ્રૂટના નવ પેકેટ, મળી કુલ્લે રૂા. ૭૩૦૦ની મતા ચોરી કરી ગયા બાદ ગઈકાલે ફરીથી ચોરી કરવા જતાં પકડાઈ ગયો હતો. આરોપી સંજય ડાયાણીને સરથાણા પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો. સરથાણા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

બહેન સાથે ચેટિંગ કરનાર યુવક ઉપર સાત જણાનો ખૂની હુમલો

યુવક પર ઘાતકી હુમલો કરી હત્યાનો પ્રયાસ

સુરત

માસયાઈ બહેન સાથે વ્હોટ્સએપ ચેટિંગ કરનાર વ્યકિત ઉપર સાત જણાંએ ઘાતકી હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. ચોક બજાર પોલીસે હત્યાની કોશિષનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સિંગણપોર ગામ ન્યુ ત્રિવેણી સોસાયટીમાં રહેતા રજનીકાંત જેઠાભાઈ મારૂ આરોપી જયેશ રાઠોડ ઉર્ફે રાક્ષસની માસયાઈ બહેન સાથે વ્હોટ્સએપ ઉપર ચેટ કરતો હોય, જેની અદાવત રાખી આરોપી જયેશ રાક્ષસ સહિત સાત જણાંએ મોટર સાઈકલ રિક્ષામાં ધસી જઈ ફરિયાદી રજનીકાંત ભાઈને વિજયરાજ સર્કલ પાસે આંતરી બેઝ બોલના બેટ, પ્લાસ્ટિકના પાઈપથી માર મારી જીવલેણ ઈજા પહોંચાડી નાસી ગયા હતા. આ બનાવ સંદર્ભે રજનીકાંત મારૂવે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

ફુલપાડાની શાળા આગામી નવા શૈક્ષણિક સત્રથી શરૂ કરવા માંગ

સુરત

કોંગ્રેસના કોર્પોરેટર દિનેશ કાછડીયાએ મ્યુનિ. કમિશનર સમક્ષ માંગણી રજૂ કરી જણાવ્યું છે કે, મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા કાર્યરત શાળા ક્રમાંક ૧૭૩/૧૭૪ જે ફુલપાડા ખાતે આવેલ છે. આ શાળા ખાતે જ મે મારૂં પ્રાથમિક શિક્ષણ મેળવેલ હતું. જે કારણોસર તેની સાથે હું ખૂબ જ ગાઢતાથી ભાવનિક રીતે સંકળાયેલ છું અને સદરહુ શાળાને નવેસરથી બનાવવાની કામગીરી પૂર્ણ થયેલ છે. થોડુ ઘણું કલરીંગ, ટચઅપની નજવી જ કામગીરી અને ફર્નિચર સંદર્ભેની પૂરેપૂરી કામગીરી બાકી છે. તાકીદે આ અંગે કામગીરી પૂર્ણ કરાવીને આ શાળા આગામી નવા શૈક્ષણિક સત્રના આરંભથી જ્યાં નવી બનાવેલ છે તે સ્થળે કાર્યરત કરવામાં આવશે તો હું ખૂબ જ આનંદ અને ગૌરવની લાગણી અનુભવીશ કે મારા કાર્યકાળ દરમ્યાન મારા દ્વારા જે શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવેલ છે તે જ શાળાને નવા કલેવર સાથે મારા વિસ્તારના બાળકોના શિક્ષણ માટે અર્પણ કરીને ધન્યતા અનુભવીશ.

ઉકત હકીકતને ભાવનાત્મક રીતે ધ્યાને રાખીને આગામી નવા શૈક્ષણિક સત્રના આરંભથી શાળા ક્રમાંક ૧૭૩/૧૭૪ ખાતે પ્રાથમિક શિક્ષણનો આરંભ કરાવવા મારી લાગણીસભર વિનંતી.

વિદ્યાર્થીઓનાં ધુણવા મામલે ધારાસભ્યનું નિવેદન, 'આદિવાસીની આસ્થાને અંધશ્રદ્ધામાં ન ખપાવો'

ડાંગ

ડાંગની વધુ એક શાળામાં વિદ્યાર્થીઓનું વિચિત્ર વર્તન સામે આવ્યું છે. દગડપાડા શાળામાં ૧૦ વિદ્યાર્થીઓનું વિચિત્ર વર્તન સામે આવતા ચકચાર મચી છે.

વહીવટી તંત્રએ શાંત કર્યાના દાવાને સ્થાનિકોએ ફગાવ્યા છે. અગાઉ આંબાપાડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થી ધુણતા હતા. વિદ્યાર્થીઓના વર્તનને લઈને એમએલએ મંગળ ગાવિતનું નિવેદન આવ્યું છે. જેમાં તેમણે જણાવ્યું છે કે આદિવાસીની આસ્થાને અંધશ્રદ્ધામાં ન ખપાવો.

ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકાનું આંબાપાડા ગામે પ્રાથમિક શાળાનાં બાળકોનાં વિચિત્ર વર્તન સામે આવ્યું હતુ. તેવી જ બીજી ઘટના વઘઈ તાલુકાનાં અંતરિયાળ વિસ્તારમાં આવેલા દગડપાડા ગામની પ્રાથમિક શાળામાં બની હતી. અહીં ૧૦ જેટલા બાળકો વિચિત્ર હરકત સાથે ધુણતા હોવાનું બહાર આવતા અનેક સવાલો ઉભા થયા હતાં. આ અંગે ડાંગનાં ધારાસભ્ય મંગળ ગાવિતે જણાવ્યું કે 'આ વિદ્યાર્થીઓ મનોચિકિત્સક કે આરોગ્ય વિભાગ દ્વારા નહીં પરંતુ ભૂવાને બોલાવવાથી સાજા થયા છે. આરોગ્ય વિભાગ પણ આમાં કંઈ ના કરી શક્યું કે મનોચિકિત્સકો પણ કંઈ કરી ના શક્યા પરંતુ ભૂવા બોલાવવાથી શાળાના તમામ બાળકોની તકલીફ દૂર થઈ ગઈ છે. આદિવાસીઓ ડુંગર દેવમાં માને છે તે અંધશ્રધ્ધા નથી પ્રકૃત્તિપૂજકમાં માને છે.

અમદાવાદ-ઈન્દોર-ભોપાલ સહિત દેશનાં ૧૬ એરપોર્ટ પર પ્લાસ્ટિક પર પ્રતિબંધ

ન્યુ દિલ્હી

એરપોર્ટ એથોરિટી ઓફ ઈન્ડિયા(AAI)એ દેશમાં ૧૬ મોટા એરપોર્ટ પર પ્લાસ્ટિકનાં ઉપયોગ પર પ્રતિબંધ લગાવ્યો છે. હવેથી યાત્રીઓ સ્ટ્રો, પ્લાસ્ટિક, કટલરી, અને પ્લાસ્ટીકની પ્લેટ્સ જેવો સામાન લઈ શકશે નહિ.

AAIએ ૧૬ એરપોર્ટ પર પ્લાસ્ટિક પર પ્રતિબંધ લગાવ્યો છે. આ એરપોર્ટમાં ઈન્દોર, ભોપાલ, અમદાવાદ, ભુવનેશ્વર, તિરુપતિ, ત્રિચી, વિજયવાડા, દેહરાદુન, ચંદીગઢ, વડોદરા, મદુરૈ, રાયપુર, વિજાગ, પૂણે, કોલકત્તા, સહિત વારાણસીનો સમાવેશ કરાયો છે.

AAIએ ક્વોલિટી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા સાથે મળીને ૩૧ જાન્યુઆરી ૨૦૧૯ સુધી ૩૪ મોટા એરપોર્ટ પર પ્લાસ્ટિક પર પ્રતિબંધ લગાવવાનું લક્ષ્ય નક્કી કર્યુંછે. આ ૩૪ એરપોર્ટ પર ૧૦ લાખ યાત્રિઓનો જમાવડો રહે છે. મૂલ્યાંકનના આધારે AAIએ પહેલા રાઉન્ડમાં ૧૬ એરપોર્ટ પસંદ કર્યા હતા.

એરપોર્ટનાં ડાયરેક્ટર અર્થમા સાન્યાલ પ્રમાણે, તમામ એરપોર્ટનાં ફુડ સ્ટોલ પર ઈકો ફ્રેન્ડલી પ્લેટનો ઉપયોગ કરાઈ રહ્યો છે. પ્લાસ્ટિક બોટલ માટે કેશર મશીન પણ લગાવી દેવાયુ છે. જેના વપરાશ પર મુસાફરોને ફુડ કાઉન્ટર પર ૧૨ ટકા ડિસ્કાઉન્ટ પણ મળી રહ્યુ છે. ઓથોરિટીએ ગ્રીન હાઉસ ગેસની અસરમાં ઘટાડો કરવા માટે પણ એક પર્યાવરણ નિતી બનાવી છે.

અલ્પેશ ઠાકોર સરકાર સામે ૨૦મી જાન્યુઆરીથી એકતા યાત્રા કાઢશે

અમદાવાદ

ગુજરાત કોંગ્રેસના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર ફરી એકવાર રાજ્ય સરકાર સામે મોચરો માંડવાની તૈયારી કરી રહ્યા છે. જે અંતર્ગત આગામી ૨૦મી જાન્યુઆરીથી અંબાજી ખાતેથી ખેડૂતો અને બેરોજગારીના મુદ્દે એકતાયાત્રા નિકાળવાના છે. ત્યારે એકતા યાત્રામાં ભાગ લેનારા અલ્પેશ ઠાકોર માટે કોઇ ફિલ્મીસ્ટારને ટક્કર મારે એવી કેરેવાન તૈયાર કરવામાં આવી રહી છે.

આ અત્યાધુનિક કેરેવાનની માહિતી સંપૂર્ણ વાત કરીએ તો તેમાં, આરામદાયક સોફા, વિશાળ ટીવી સ્ક્રીન, સાઉન્ડ સિસ્ટમ અને મીની ફ્રીજ સહીતની સુવિધાઓ ધરાવતી આ કેરેવાન કોઇ ફિલ્મીસ્ટારની કે પછી કોઇ મોટા રાજકીય નેતાની નથી. પરંતુ આ કેરેવાન હાલમાં તૈયાર કરાઇ રહી છે. ગુજરાત કોંગ્રેસના રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર માટે આ વાન તૈયાર કરવામાં આવી રહી છે. જીહા, આગામી ૨૦ જાન્યુઆરીએ અંબાજીથી શરૂ થનારી એકતાયાત્રા માટે હાલમાં આ રથ તૈયાર કરવામાં આવી રહ્યો છે. અગાઉ પણ કોંગ્રેસના આ નેતા દ્વારા ભાજપ સરકાર પર અનેક વાર મોરચો માંડી ચૂક્યાં છે. અને હવે ફરી એકવાર બેરોજગારી એકતા યાત્રા કરીને ભાજપ સરકારને ઘેરવાનો પ્રયત્ન કરશે.













ખરીદેલી એપ્લીકેશન કેટલી સલામત ?

હરીફાઇના આ ૨૧મી સદીના સમયમાં છેલ્લા થોડા સમયથી ફેસબુક ગ્રુપમાં મેં ઘણી પોસ્ટ જોઈ. જેમાં લખેલું હતું કે ૧૦,૦૦૦ રૂપિયામાં ઈ-કોમર્સ વેબસાઈટ, ૨૦,૦૦૦માં ટેક્સી એપ, ૧૫,૦૦૦માં મોબાઈલ ગ્રોસરી એપ. આ રીતે ઘણી બધી રીતે તૈયાર સોર્સ કોડની ઉપયોગ કરીને એપ્લિકેશન કે વેબસાઈડ ડેવલોપ કરાવવી કેટલી સિક્યોર છે ? અને આવી એપ્લિકેશન કે વેબસાઈટ ડેવલોપ કરાવ્યા પછી પણ કેવા પ્રોબ્લેમ પડી શકે ? ઘણા સમયથી એક ફેસબુક ગ્રુપ, જેમાં ઘણા બધાં ડેવલોપર છે, સામાન્ય લોકો છે,

સિક્યોરિટી એક્સપર્ટ છે તેમાં ઘણાં બધા ડેવલોપર્સ અ ને ડેવલોપિંગ કંપની દ્વારા પોસ્ટ કરવામાં આવી જેમાં ઘમા બધા એવા પ્રોજેક્ટ્સ વિષે સસ્તા ભાવ આપવામાં આવ્યા હતા જે તે ભાવમાં ડેવલોપ કરવા કોઈ રીતે શક્ય નથી. જેમ કે ફેસબુક જેવી સોશિયલ મીડિયા વેબસાઈટ ખાલી ૩૦,૦૦૦માં એ પણ એવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને ડેવલોપ કરેલું કે જેમાં ઘણો સમય લાગે. તો મને પણ થોડીવાર માટે વિચાર આવ્યો કે આવું તો કેમ બની શકે ! ત્યારબાદ મેં એકથી વધારે ડેવલોપર સાથે વાતચીત કરી, સેમ્પલ જોવા મંગાવ્યા અને આ બધા પરથી નીચે આપવામાં આવેલું તારણ નીકળ્યું. ૧.૭૫ ટકા લોકો તૈયાર સોર્સ કોડ કે જે કોડકેન્યન જેવી વેબસાઈટ પરથી ખરીદી શકાય છે. તેને ખરીદીને તેમાં ડિઝાઈન અને ગ્રાફિક્સના ફેરફાર કરીને ફરીથી સેલ કરે છે. તેમાં જે ભાવ દર્શાવવામાં આવે છે. તે ભાવમાં ખાલી રેડી કોડ આપવામાં આવે છે અને જે ડિઝાઈન છે તે જ આપવામાં આવે છે. જો ડીઝાઈન બદલાવવા ઈચ્છતા હોય તો વધારાનો ચાર્જ ચૂકવવો પડે છે.

શું ગેરફાયદા ?

૧. આવા સોર્સ કોડની માલિકી તમારી ગણી શકાય નહીં કેમ કે જે લોકો તમને પ્રોવાઈડ કરે છે તે લોકોએ પણ આવી ક્રિપ્ટો નલ્ડ વેબસાઈટ પરથી ડાઉનલોડ કરેલી હોય છે એટલે કે તેની કોઈ માલિકી હોતી નથી. ૨. સામાન્ય રીતે આવી સ્ક્રીપ્ટની સાથે એવી ફાઈલો પણ એડ કરવામાં આવી હોય છે જે બેકડોરની જેમ કામ કરે છે. બેકડોર એટલે એવી ફાઈલ કે જેનો ઉપયોગ કરીને આપણે તે વેબસાઈટના એડમિન એકાઉન્ટને એક્સેસ કરી શકીએ છીએ, ડેટાબેઝ ચોરી શકીએ છીએ અને તેની સાથે આવી વેબસાઈટ હેક પણ કરી શકીએ છીએ. ૨.૨૦ ટકા ડેવલોપર દ્વારા એકવાર વેબસાઈટ કોઈ એક ક્લાયન્ટ માટે બનાવી નાંખ્યા બાદ સામાન્ય રીતે જ્યારે પણ કોઈ મોટા પ્રોજેક્ટમાં કામ કરવામાં આવે છે ત્યારે ક્લાયન્ટ દ્વારા એક એગ્રીમેન્ટ કરવામાં આવે છે. જેમાં એવું પણ લખેલું હોય છે કે કોઈપણ સોર્સ કોઈપણ ક્લાયન્ટને વેચી શકશે નહીં. આ પ્રકારનું લખવા પાછળનું કારણ એ છે કે જો એકથી વધુ લોકો પાસે સોર્સ કોડ હોય તો કોઈપણ હેકર દ્વારા તેને હેક કરવાના ચાન્સીસ વધી જાય છે. ત્યારબાદ તે તે જ વેબસાઈટ એકથી વધારે લોકોને વેચવાની કોશિશ કરે છે. આ પ્રકારના કામમાં પણ ડીઝાઈનને બદલવાનો ચાર્જ અલગથી લેવામાં આવે છે અને જો કોઈ વધારે ફીચર્સ ઉમેરવા હોય તો તેનો પણ ચાર્જ અલગથી લેવામાં આવે છે.



શું ગેરફાયદા ?

૧. તમે લીગલ પ્રોબ્લેમમાં પડી શકો છો કેમ કે ડેવલોપર દ્વારા તમારી સાથે કોઈ ઓનરશીપ એગ્રીમેન્ટ કરવામાં નહીં આવે. ૨. વધુમાં વધુ લોકો પાસે સ્ક્રિપ્ટ હોવાને લીધે હેકર્સ આસાનીથી સ્ક્રિપ્ટને સોર્સ કોડનો ઉપયોગ કરીને ટેસ્ટ કરી શકે છે. જેના કારણે જે પ્રોબ્લેમ સ્ક્રિપ્ટના માલિકને પડી શકે એ પ્રોબ્લેમમાં તમે પણ પડી શકો છો. જ્યારે પણ કોઈ વેબસાઈટ બનાવવા ઈચ્છો છો ત્યારે સૌથી પહેલાં તો તે ડેવલોપર સાથે એનડીએ ઉપયોગ જો તમે કોઈ લીગલ પ્રોબ્લેમમાં પડો છો ત્યારે પડી શકો છો. આ પ્રકારના એગ્રીમેન્ટમાં લખાવો કે આ સોર્સ કોડનો ઉપયોગ ક્યાંય પણ કર્યો નથી અને તે લોકો બીજી કોઈ જગ્યાએ નહિં કરી શકે અને જો કરશે અને અમારા ધ્યાનમાં આવશે તો આ પ્રકારની પેનલ્ટી ભરવી પડશે. ત્યારબાદ ડેવલોપર પાસે બગ સપોર્ટનો સમય કેટલો રહેશે અને તમે કેટલાં વાગ્યાથી કેટલા વાગ્યા સુધી રિસ્પોન્સ કરશો. આ પ્રકારની સાવચેતી લેવાથી તમે ઘણા બધા પ્રોબ્લેમમાંથી બચી શકશો.

અધર હોઠના સૌંદર્યને નીખારતી લિપસ્ટિકની મહત્વની વાતો






ચહેરાના સૌંદર્યમાં વ્યક્તિની આંખ અને હોઠ મહત્વનો ભાગ ભજવે છે. હૃદયની લાગણીને વ્યકત કરનારા આ બંને અંગ સૌંદર્ય મીમાંસામાં પણ મહત્વના છે. મારકણી આંખો અને ગુલાબની પાંખડી જેવા હોઠ ધરાવતી માનુની ભીડમાં પણ અલગ તરી આવે છે.

લિપસ્ટિક વડે અધરનું સૌંદર્ય નીખરે છે. લાલ, ગુલાબી કે રાણી રંગની લિપસ્ટિક લગાડેલા અધરથી ચહેરો પુષ્પની જેમ ખીલી ઉઠે છે. હોઠના સૌંદર્યને જાળવવા લિપસ્ટિક કેવી છે અને તેનો ઉપયોગ કંઈ રીતે કરવો તે કલાથી વાકેફ હોવું જરૂરી છે. જેમ કે-- લિપસ્ટિક લગાડતી વખતે લિપ બ્રશનો ઉપયોગ કરવો. બ્રશ વડે લિપસ્ટિક લગાડતાં લિપસ્ટિક લાંબો સમય ચાલશે.

- સાધારણ લિપસ્ટિકમાં મેટ ફિનિશ લાવવા માટે લિપસ્ટિક લગાડયા બાદ હોઠની વચ્ચે ટિશ્યૂ પેપર દબાવવો. આનાથી લિપસ્ટિકની ચમક ઘટશે અને મેટ ફિનિશ જેવી દેખાશે.
- ઉનાળામાં લિપસ્ટિક પીગળી ન જાય તે માટે તેને ફ્રિઝમાં મૂકો. લિપસ્ટિક ફ્રિજમાં મૂકવાથી તેનો આકાર અને રંગ ખરાબ થશે નહિ.
- લિપસ્ટિકને ગરમીની અસર ન થાય તેનું ધ્યાન રાખો.
- જો ભૂલથી લિપસ્ટિક પડીને તૂટી જાય કે હાથેથી દબાઈ જાય તો લિપસ્ટિકને લિપ કેસમાંથી એક કાચના બાઉલમાં કાઢો. આ બાઉલને માઈક્રોવેવ ઓવનના ડિફોસ્ટીંગ મોડમાં એક મિનિટ મૂકો. આનાથી લિપસ્ટિક પીંગળી જશે. આ પીંગળેલી લિપસ્ટિકને પાછી કેસમાં ભરો અને ફ્રિઝમાં મૂકો. લિપસ્ટિક ફરી પહેલાં જેવી થઈ જશે.
- આ જ રીતે બચેલી બે-ત્રણ લિપસ્ટિકને મિકસ કરી એક નવો શેડ પણ બનાવી શકો છો. જો લિપસ્ટિકને લિપકેસમાં ન નાંખવી હોય તો નાની ડબ્બીમાં ભરવી અને બ્રશ વડે લગાડવી.
- ગરમીના દિવસોમાં તડકામાં નીકળતી વખતે લિપસ્ટિકને લિપકેસમાં મુકી પર્સના અંદરના ખાનામાં મુકવી જેથી તે પીગળે નહિ.
- લિપસ્ટિક ખરીદતી વખતે મેન્યુફેકચરીંગની તારીખ ખાસ તપાસી લેવી. એક વર્ષ કરતાં વધુ જુની લિપસ્ટિક ખરીદવી નહિ.
- બ્રાન્ડેડ લિપસ્ટિક ખરીદવાથી હોઠ કાળા પડશે નહિ.
- લિપસ્ટિક લગાડ્યા પછી હોઠ પર ખંજવાળ આવે કે દુખાવો થાય તો તે લિપસ્ટિક કાઢી નાંખવી.
- જુની અને પીંગળેલી લિપસ્ટિક પર તૈલી ટીપા જોવા મળશે. એટલે આવી લિપસ્ટિક ખરીદવી કે વાપરવી નહિ.
- ઘણા દિવસ બાદ કોઈ ખાસ રંગનીલિપસ્ટિક વાપરવી હોય તો પહેલાં એક કલાક તે લિપસ્ટિકને ફ્રિઝમાં મૂકો. પછી તેને હાથ પર લગાડી જુઓ. જો આ લિપસ્ટિકમાંથી મીણ નીકળતું હોય એમ લાગે તો તે ખરાબ થઈ ગઈ છે એમ સમજવું. પ્રસંગ અને પરિધાન પ્રમાણે અલગ અલગ રંગની લિપસ્ટિક લગાડવાથી દેખાવ પણ એકદમ અનોખો બની જાય છે. સોફ્ટ પિંક રંગની લિપસ્ટિક લગભગ બધા જ પ્રસંગ અને પોશાક સાથે સરસ દેખાય છે.

ચામડીના રોગોનું ઉત્તમ ઔષધ છે : કુંવાડિયો



અવાર-નવાર સર્વાંગ શરીરે સોજા ચડી જતા હોય તેઓને કુંવાડિયાના પર્ણોનું સેવન કરવાથી ઉત્તમ પરિણામ મળે

આયુર્વેદમાં કિડનીને 'વૃક્ક' કહેવામાં આવે છે. આપણા શરીરમાં બે કિડની હોય છે. આયુર્વેદના ઔષધો અ ને ઉપચારમાં જેમને રસ હોય તેમણે 'ચકમર્દ'ને ઓળખી લેવા જેવો છે. આ ચકમર્દને આપણે ગુજરાતીમાં કુવાડિઓ અથવા પુંવાડીઓ કહીએ છીએ. ચોમાસામાં આપણે ત્યાં તેના છોડ વિપુલ પ્રમાણમાં થાય છે. અણગમતી વસયુક્ત આ કુવંડિયાનો છોડ ચામડીના રોગોનું ઉત્તમ ઔષધ છે. આ વખતે તેના ઔષધિય ગુણકર્મો અને ઉપયોગો જણાવવાનો ઉપક્રમ છે.

ગુણકર્મો : ઉપર જણાવ્યું તેમ ચોમાસું આવ્યા બાદ કુંવાડિયાના ૨ થી ૫ ફૂટ ઊંચા છોડ ભારતનાં લગભગ બધા જ પ્રદેશોમાં જોવા મળે છે. પીળા રંગના ફૂલ અને પાનની વિશિષ્ટ રચનાને લીધે તે તરત જ ઓળખાઈ આવે છે. આયુર્વેદ પ્રમાણે આ કુંવાડિયો સ્વાદમાંમીઠો, કડવો અને ખારો, પચવામાં હળવો, શીતળ, હૃદયને પ્રિય અને હિતકારી તેમજ ત્વચાનાં દાદર, ખસ, ખરજવુ, ખંજવાળ, કોઢ,શીળસ જેવી તકલીફો તથા વાયુ, પિત્ત, મળ- મૂત્રનો અવરોધ, અરુચિ, તાવ, ઉધરસ, દમ, મસ્તક શૂળ વગેરેનો નાશ કરે છે. એનાં બીજા સ્વાદમાં તીખા, ગરમ, ગ્રાહી (સંકોચક) અને કફ, કોઢ, દમ, દાદર અ ને સોજા મટાડે છે. આપણે ત્યાં ઘણા પ્રદેશોમાં ગરીબ લોકો કુંવાડિયાની પાનની ભાજી કરીને ખાય છે. આ ભાજી ખાટી, પિત્તકરનાર, પચવામાં હળવી, ગરમ અને ખોઢ, વાયુ, ખંજવાળ, ઉધરસ તથા દમનો નાશ કરનાર છે. તેના પાનમાં, એમોડીન નામનું એક ગ્લુકોસાઈડ મળે છે. જે કાઈસોફેનિક એસિડ જેવું હોય છે. એના પાનમાં કેથાટિન નામનું એક વિરેચક દ્રવ્ય, એક લાલ રંગનું દ્રવ્ય સેમજ સલ્ફેટ, ફોસ્ફાઇટ, કેલ્શીયમ, લોહ, સોડીયમ, પોટેશિયમ વગેરે ખનીજ દ્રવ્યો હોય છે. ઉપયોગો : આયુર્વેદના વિદ્વાન વનસ્પતિશાસ્ત્રી મહર્ષિ ભાવમિશ્રએ કુંવાડિયાનાં પર્ણોને 'દદ્રુઘ્ન' કુંવાડિયાના બીજ પણ દાદરનું અક્સીર ઔષધ છે. કુંવાડિયાના બીજોનું ચૂર્ણ કરી રાખવું. દાદરદરાજ પર આ ચૂર્ણ કુંવાડિયામાં જ પાનનાં રસ અથવા છાશમાં વાટીને લગાવવું. બે-ચાર દિવસમાં જ દાદરમાં રાહત થવા લાગશે. આયુર્વેદના ચક્રનો અર્થ પણ દાદર થાય છે. એટલે દાદરનો નાશ કરે તે ચક્રમર્દ. શીળસને આયુર્વેદમાં શીતપિત્ત કહે છે. કુંવાડિયા ના મૂળ એ આ શીતપિત્તનું ઉત્તમ ઔષધ છે. શીળસ-શીતપિત્તમાં ખાટા પદાર્થોને ત્યાગ કરીને આ પ્રમાણે પચાર કરવો. કુંવાડિયાના મૂળ લાવી ધોઈને, સ્વચ્છ કરી સુકવવા. પછી તેને ખૂબ ખાંડી, બારીક ચૂર્ણ કરીને બાટલી ભરી લેવી. અડધી ચમચી જેટલું આ ચૂર્ણ દિવસમાં બે વાર ઘીમાં મેળવીને ચાટી જવું. શીળસમાં ઘણો લાભ જણાશે. અવાર-નવાર જેઓને સર્વાંગ શરીરે સોજા ચડી જતા હોય તેઓને કુંવાડિયાના પર્ણોનું સેવન કરવાથી ઉત્તમ પરિણામ મળે છે. કુંવાડિયાના પર્ણોનું શાક બનાવીને થોડા દિવસ તેનો નિયમિત આહારમાં ઉપયોગ કરવો. સાથે કુંવાડિયાના પર્ણોનો ઉકાળો કરીને તેનું સેવન કરવાથી ઝડપથી પરિણામ મળે છે. કુંવિડાયનું સેવન નાના બાળકોને દાંત આવતા હોય ત્યારે કરાવવું જોઈએ. આશરે આઠ મહિના પછી બાળકોને દાંત આવવાની શરૂઆત થાય છે. એ સમયે કુંવાડિયાના પાનનો ઉકાળો કરી સવાર-સાંજ અડધી-અડધી ચમચી આપવાથી દાંત સરળતાથી આવે છે અને બાળકની શક્તિ વધે છે. કુંવાડિયો એક રસાયન ઔષધ છે. તે ની સાથે બીજા કેટલાક ઔશધો પ્રયોજીને 'ચક્રમર્દાદિ તેલ' બનાવવામાં આવે છે. વિભિન્ન પ્રકારના ચામડીના રોગોનું ખૂબ જ ઉત્તમ ઔષધ છે.

આયુર્વેદ પ્રમાણે આ કુંવાડિયો સ્વાદમાંમીઠો, કડવો અને ખારો, પચવામાં હળવો, શીતળ, હૃદયને પ્રિય અને હિતકારી તેમજ ત્વચાનાં દાદર, ખસ, ખરજવુ, ખંજવાળ, કોઢ,શીળસ જેવી તકલીફો તથા વાયુ, પિત્ત, મળ- મૂત્રનો અવરોધ, અરુચિ, તાવ, ઉધરસ, દમ, મસ્તક શૂળ વગેરેનો નાશ કરે છે

પરંપરા અને આસ્થા

કેરળના સબરીમાલા મંદિરમાં બે મહિલાઓના પ્રવેશ કરવાને લઈને આ મુદ્દે અભિયાન ચલાવી રહેલી મહિલાઓમાં ભારે ઉત્સાહ છે. પરંતુ મામલામાં અન્ય એક પાસો એ પણ છે કે આના વિરોધમાં ઉભી રહેલી શક્તિઓની પહેલ પર આયોજિત બંધ સમગ્ર રાજ્યમાં હિંસક રહ્યુ હતુ. આ બંધ દરમિયાન થયેલી હિંસામાં એક વ્યક્તિનુ મોત થયુ હતુ. કેટલાક લોકો ઘાયલ થયા હતા. હજારો લોકોની અટકાયત કરવામાં આવી છે. સબરીમાલાના મામલે વિવાદ અકબંધ રહ્યો છે. હિંસાનો દોર જારી રહ્યો છે. સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હોવા છતાં સ્થિતી સુધરી રહી નથી. મહિલાઓના મંદિરમાં પ્રવેશને લઈને જુદા જુદા હિન્દુ સંગઠનોના ગ્રુપ સબરીમાલા કર્મ સમિતિ દ્વારા બંધની હાકલ કરવામાં આવી હતી. જેને ભાજપે ખુલ્લી રીતે સમર્થન આપ્યુ હતુ. બીજી બાજુ કોંગ્રેસના નેતૃત્વમાં યુડીએફે મહિલાઓના મંદિરમાં પ્રવેશના વિરોધમાં કાળા દિવસની ઉજવણી કરી હતી. ભાજપનો આરોપ છે કે રાજ્ય સરકારના કાવતરા હેઠળ મહિલાઓને મંદિરમાં પ્રવેશ મળી રહ્યા છે. બીજી બાજુ રાજ્ય સરકારની એવી દલીલ રહી છે કે તેના દ્વારા બે મહિલાઓને પ્રવેશ આપીને સુપ્રીમ કોર્ટના આદેશનુ પાલન કરવામાં આવ્યુ છે. સાથે સાથે પોતાના બંધારણીય અધિકારોને પાળ્યા છે. પરંપરા મુજબ આ મંદિરમાં ૧૦ વર્ષથી લઈને ૫૦ વર્ષની વયની મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધ છે. જો કે આ પરંપરાને મહિલા વિરોધી ગણાવીને કેરળની મહિલાઓએ આનો સંયુક્ત રીતે વિરોધ કર્યો છે. સાથે સાથે કહ્યુ છે કે તમામ વયની મહિલાઓને મંદિરમાં પુજા પાઠ કરવાની મંજુરી મળવી જોઈએ. આવી વિચારધારા ધરાવતી મહિલાઓ છેલ્લા કેટલાક દિવસથી એક મત થઈને આંદોલન ચલાવી રહી છે. મામલો જ્યારે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો ત્યારે સુપ્રીમ કોર્ટે સબરીમાલા મંદિરમાં તમામ વયની મહિલાઓના પ્રવેશને મંજુરી આપી હતી. જો કે મંદિર વહીવટીતંત્ર અને પરંપરાવાદી લોકોએ આનો વિરોધ કર્યો હતો. આના માટે આ લોકો આજે પણ તૈયાર નથી. ભાજપનો ટેકો મળી ગયા બાદ મંદિર પ્રવેશ માટે પ્રયાસ કરી રહેલી મહિલાઓ પ્રત્યે કઠોર વલણ અપનાવવામાં આવ્યુ હતુ. એક બાબત તો નક્કી છે કે આનો ઉકેલ તો સમયની સાથે જ આવશે. ધર્મનુ સ્વરૂપ આની નવી નવી પરિભાષા સાથે બદલાય છે. પરેશાની એ વખતે થાય છે જ્યારે રાજકીય તાકાત આના પર પોતાની પ્રતિક્રિયા આપવા લાગી જાય છે. છેલ્લા કેટલાક સમયથી દેશમાં એક ખાસ રાજકીય ધારાએ હિન્દુ ધર્મના ઉદાર સ્વરૂપના બદલે તેના કટ્ટરપંથી સ્વરૂપને હવા આપી દીધી છે. જેની અસર જોવા મળી રહી છે. જેના પરિણામસ્વરૂપે ધર્મમાં સુધારાની તક ઓચી રહી ગઈ છે. કેરળમાં પણ હાલમાં આવી જ સ્થિતી સર્જાયેલી છે. દુખદ બાબત એ છે કે પોતાના સેક્યુલર તરીકે ગણાવનાર લોકો પણ આ મામલે યથાસ્થિતીવાદીઓને ટેકો આપી રહ્યા છે. પોતાના ધાર્મિક અધિકારો માટે સંઘર્ષ કરી રહેલી મહિલાઓ આ બાબતને લઈને સંતોષ અનુભવી શકે છે કે સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ કેન્દ્ર અને રાજ્ય સરકારોને તેમનો સાથ આપવો જ પડશે.

બે મહિલાઓના પ્રવેશ બાદ આને લઈને ઝુંબેશ ચલાવતી મહિલાઓમાં ઉત્સાહ છે

દેશની ૪૦ ટકા વસ્ત કેશલેસ સારવારનો લાભ લઈ શકે છે...

મોદી કેર : એક ક્રાન્તિકાર સ્કીમ છે



યોજનાથી કોઈ વંચિત ન રહે તે માટેસરકારે પરિવારના કદ અને વયને લઈને કોઈ પણ પ્રકારની મર્યાદા રાખી નથી : લોકો લાભ લે તે જરૂરી છે

સ્વતંત્રતા બાદ દેશમાં સરકારોએ સામાન્ય લોકોને કેન્દ્રમાં રાખીને તમામ કલ્યાણકાર યોજનાઓ સંચાલિત કરી છે અને કેટલાક નારા પણ આપ્યા છે. પરંતુ સરકારોની નીતિ અને નિયત સાફ ન હોવાના કારણે તમામ યોજનાઓ પોકળ સાબિત થઈ રહી છે. આ તમામ યોજનાઓના કારણે સામાન્ય લોકોને ઓછો અને યોજનાકારોનો વધારે લાભ થયો છે. તેમની સંપન્નાતામાં પણ વધારો થયો છે. આરોગ્યના ક્ષેત્રની ચર્ચા કરવામાં આવે તો પણ આવી જ સ્થિતી રહી છે. દેશમાં આરોગ્યની સુવિધાની સ્થિતી કોઈનાથી પણ છુપાયેલી નથી. સારવાર વધારે મોંઘી હોવાના કારણે ગરીબ લોકો તો સારવાર પણ કરાવી શકતા નથી. અનેક લોકો સંશાધનોના અભાવના કારણે સારવાર વગર જ દમ તોડી દે છે. ગંભીર બિમારીના સારવાર માટે સામાન્ય લોકોને તેમના ઘરબાર, જમીન અને દાગીના સુધી વેચી દેવાની ફરજ પડે છે. દેશની વિશાળ અને વિવિધતા ભરી વસ્તીને સસ્તી અને સારી આરોગ્ય સુવિધા આપવાની બાબત એક પડકારરૂપ બની ગઈ છે. આનુ મુખ્ય કારણ એ રહ્યુ છે કે નિતી બનાવનાર લોકોએ આવી યોજનાઓ તૈયાર કરતી વેળા તમામ પાસામાં ધ્યાન આપ્યુ નથી. આ ગંભીર સમસ્યાની તરફ પ્રથમ વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદીનુ ધ્યાન ગયુ છે. મોદી સરકારે ગરીબોને મફતમાં સારવાર મળી રહે તેની ખાતરી કરવા માટે આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના રૂપમાં એક ક્રાન્તિકારી પહેલ કરી છે. આ વિશ્વની સૌથી મોટી આરોગ્ય વિમા યોજના છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના જેને કેટલાક લોકો મોદી કેર નામથી પણ બોલાવે છે. આ સ્કીમને કેન્દ્રિય કેબિનેટે ૨૧મી માર્ચ ૨૦૧૮ના દિવસે લીલીઝંડી આપી હતી. આને મોદી સરકારની મજબુત સંકલ્પ શક્તિ કહી શકાય છે. આ યોજનાની મંજુરીના છ માસની અંદર ૨૩મી સપ્ટેમ્બર ૨૦૧૮ના દિવસે આ યોજનાને સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવી હતી. મોદી કેર સ્કીમમાં દેશના ગરીબ નબળા વર્ગના ૧૦ કરોડથી વધારે પરિવારોઅથવા તો ૫૦ કરોડની વસ્તીને દર વર્ષે પાંચ લાખ સુધી સારવાર સરકારી અને ખાનગી હોસ્પિટલમાં મફત આપવામાં આવે છે. એટલે કે દેશની ૪૦ ટકા વસ્તી કેશલેસ સારવારનો લાભ લઈ શકે છે. કોઈ પણ મહિલાઓ, બાળકો અને મોટી વયના લોકો યોજનાથી વંચિત ન રહે તેની ખાતરી કરવા માટે સરકારે આ વખતે પરિવાના કદ, વય અને અન્ય બાબતો માટે કોઈ મર્યાદા નક્કી કરી નથી.ઉત્તરાખંડમાં ત્રિવેન્દ્ર સિંહ રાવત સરકારની અટલ આયોષ્માન ઉત્તરાખંડ યોજના પણ ચર્ચા કરવા જેવી છે. આ સરકારે મોદી સરકારની યોજનાથી બોધપાઠ લઈને આ પગલુ આગળ વધી ચુકી છે. ઉત્તરાખંડની સરકારે યોજનામાં પ્રદેશના તમામ વર્ગોને સામેલ કરી લીધા છે. ઉત્તરાખંડમાં તમામ ૨૩ લાખ પરિવારને આરોગ્ય વિમામાં સામેલ કરવામાં આવી રહ્યા છે. યુરોપના કેટલાક દેશોમાં રહેલી સરકારો પણ પોતાના નાગરિકોને મફતમાં આરોગ્ય સુવિધા ઉપલબ્ધ કરાવે છે. આવી જ રીતે હવે આ સ્કીમ ભારતમાં મોદી કેર નામથી અમલી બની ગઈ છે. ઉત્તરાખંડની યોજનાનો ઉલ્લેખ કરવાની બાબત એટલા માટે વધારે જરૂરી છે કે અટલ આયુશ્માન ઉત્તરાખંડ યોજના ખાસ મહત્વ ધરાવે છે. પ્રદેશના પર્વતીય ક્ષેત્રોમાં સરકારી હોસ્પિટલમાં તબીબો પુરતા પ્રમાણમાં નથી. સાથે સાથે ખાનગી હોસ્પિટલમાં સારવાર વધારે મોંઘી અને ખર્ચાળ સાબિત થાય છે. પરંતુ પ્રદેશની સરકારે ખુબ કાળજી રાખીને તમામ વર્ગના લોકોને રાહત મળે તે હેતુ સાથે આ સ્કીમ શરૂ કરી છે અને તેના લાભ તમામ લોકોને મળી રહ્યા છે. પ્રદેશના તમામ નાગરિકો પાંચ લાખ રૂપિયા સુધી ૧૫૦થી વધારે સરકારી અને ખાનગી હોસ્પિટલમાં કરાવી શકે છે. પ્રદેશ સરકારે સામાન્ય બિમારીમાં દર્દીને સરકારી હોસ્પિટલમાં અને રેફર કરવાની સ્થિતીમાં ખાનગી હોસ્પિટલમાં ભરતી કરવાની રાહત આપી દિગીધી છે. આ ઉપરાંત ઈમરજન્સીની સ્થિતીમાં દર્દીને સીધી રીતે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરી શકાશે. મોદી કેર સ્કીમ ક્રાન્તિ લાવી શકે છે પરંતુ તેને યોગ્ય રીતે અમલી કરવાની જવાબદારી તમામ સંબંધિત લોકોની છે. આના માટે તીવ્ર ઈન્છાશક્તિ પણ મહત્વપૂર્ણ બાબત છે.

મોદી કેર : ૧૦૦ દિવસમાં સાત લાખને સારવાર

૧૩૫૦ બિમારીની સારવાર

મોદી કેર સ્કીમમાં ૧૩૫૦થી વધારે બિમારીઓને સામલે કરવામાં આવી છે. યોજનામાં સર્જરી, ડે કેર, દવા અને તપાસનો સમાવેશ થાય છે. રોગીઓની સુવિધા માટે હોસ્પિટલમાં આરોગ્ય મિત્રો તેનાત કરવામાં આવ્યા છે. યોજના હેઠળ લાભાર્થીને પેનલમાં સામેલ કરવામા આવેલા દેશના કોઈ પણ સરકારી અથવા તો ખાનગી હોસ્પિટલમાં સારવાર માટેની મંજુરી રહેશે. યોજનાની જરૂર અને તેના મુલ્યાંકનની ખાતરી કરવા માટે આ બાબત પુરતી છેકે મોદી કેર લાગુ કરવામાં આવ્યા બાદ૧૦૦ દિવસની અંદર જ દેશભરમાં ૬.૮૫ લાખ દર્દીઓને મફત સારવાર આપવામાં આવી રહી છે. નિષ્કર્ષ તરીકે આ બાબત કહી શકાય છે કે મોદી કેર પ્રભાવી રીતે અમલી કરવાના કારણે દેશના આરોગ્ય ક્ષેત્રમાં ગુણાત્મક પરિવર્તન થઈ શકે છે. સામાજિક અસંતુલનને ખતમ કરીને સામાજિક ન્યાયની ખાતરી કરી શકાશે. બીજા અર્થમાં કહેવામાં આવે તો મોદી કેર નવી સામાજિક ક્રાતિ લાવવા માટે ઈતિહાસમાં નોંધણી કરાવી શકશે. અમારા રિશી મુનિ દ્વારા પણ આ પ્રકારની વાત કરવામાં આવી છે. દેશના સંતો દ્વારા કરવામાં આવેલી વાતને સાકાર કરવામાં આ યોજના દાખલારૂપ સાબિત થઈ શકે છે. જટિલ પરિસ્થિતી હોવા છતાં આ યોજનાના લાભ લોકો વધુને વધુ પ્રમાણમાં લઈ શકે તે માટે યોજના સંબંધમાં માહિતી તમામ પાસે પહોંચે તે ખુબ જરૂરી છે. આયુષ્માન ઉત્તરાખંડ સરકારની સ્કીમના કારણે તેમની સમકક્ષ અગાઉની સરકારો પર લીડ મેળવી લીધી છે.

ટેકનોલોજી પ્રોફેશનલ તરીકે નવી ચીજો પર ધ્યાન આપવુ પડશે...

વર્ષ ૨૦૧૯ના કેરિયર ટ્રેન્ડસની ચર્ચા



વર્ષ ૨૦૧૯ની શરૂઆત થઈ ચુકી છે. નવા વર્ષમાં દરેક વ્યક્તિને પોતાની લાઈફ અને કેરિયરને લઈને સારા પરિવર્તની આશા રહેલી છે. આ વર્ષે પણ દર વર્ષની જેમ જ વર્કપ્લેસ પર કેટલાક મોટા ફેરફાર જોવા મળી શકે છે. સાથે સાથે નવી ટેકનોલોજીની પણ બોલબાલા રહેશે. ટેકનોલોજી પ્રોફેશનલ્સના રૂપમાં નવા વર્ષમાં આપને કોમ્પ્યુટિંગ, સિક્યોરિટી અને ઓટોમેશનની બદલાતી દુનિયાને સમજીને આગળ વધવાની જરૂર રહેશે. આપને નવી નવી ટેકનોલોજીના નવા ફિલ્ડ સાથે જોડાયેલી સ્કીલ્સ હાંસલ કરવાની રહેશે. કોમ્પ્યુટિંગમાં ક્લાઉડ આધારિત સર્વિસ, એજ અને આઈઓટી ત્રણ એવા તબક્કા છે જે કોમ્પ્યુટિંગ પાવરને ઈન્ટરેક્શનના કેન્દ્ર બિન્દુ સુધી લઈ જશે. નવા જમાનાની ટેકનોલોજી ફર્મ સ્થાપિત થનાર છે. સાથે સાથે નોન ટેકનિકલ રોલ પણ ઉભા થનાર છે. ભારતમાં ગુગલના ઓફિસમાં પોતાની ભરતીના ૫૦ ટકા કરતા વધારે સેલ્સ, માર્કેટિંગ અને ઓપરેશનમાં ભરતી કરવાની જરૂર છે. દરેક કંપનીને આગળ વધવા માટે ટેકનોલોજી પ્રોફેશનલ્સની સાથે સાથે નોન ટેક પ્રોફેશનલોની જરૂર રહેશે. ડાટા, ઈન્ટેલિજન્સ અને લર્નિંગનુ મહત્વ અકબંધ રહ્યુ છે. ડાટા વૈજ્ઞાનિકોની માંગ નવા વર્ષમાં પણ યથાવત રહેનાર છે. જોકે એઆઈ ઓર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર ધ્યાન વધારે કેન્દ્રિત કરવામાં આવનાર છે. એઆઈ સ્પેસમાં કેટલાક રોલ તૈયાર કરવામાં આવનાર છે. કારણ કે કેટલાક પ્રોડક્ટસ અને સર્વિસના માધ્યમથી જિન્દગીને સ્પર્શ કરનાર છે. બિઝનેસ અને પ્રોડક્ટસ મશીન લર્નિંગ અને નેચરલ લેગવેંજ પ્રોસેસિંગમાં એઆઈનો સમાવેશ કરવામાં આવનાર છે. માનવીય મદદની બોલબાલા તો યથાવત રહેનાર છે. કંપનીઓ હવે ઓટોમેશનને અપનાવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે પરંતુ ડિજિટલ બનવા માટે સંશાધનોમાં રોકાણ કરવામાં આવનાર છે. જો કે આની સાથે સાથે માનવીય મદદના અનેક અવસર રહેલા છે. તમે ગ્રાહકો માટે હેલ્પ ડેસ્કના સંબંધમાં વિચારણા કરી શકો છો. અથવા તો તમે બિઝનેસ માટે કસ્મર સક્સેસ મેનેજરના કામ કરી શકો છો. ટેકનોલોજી પ્રોડક્ટસ અથવા તો ટેકનોલોજી ઈનેબલ્ડ સર્વિસને ડિલિવર કરનાર સેલ્સ પર્સનને પોતાની ભૂમિકામાં ગ્રાહકોને મળનાર માનવીય મદદમાં સામેલ કરી શકાય છે. તમામ નિષ્ણાંતો નક્કરપણે માને છે કે વર્ષ ૨૦૧૯માં વિવિધતા અને સમાવેશન માટેનો અવાજ વધારે બુલંદ થનાર છે. આપને વર્કપ્લેસ પર વધારે ફેરફાર જોવા મળનાર છે. કંપનની ઓફિસમાં રહેલા માહોલને વધારે યોગ્ય બનાવી દેવા માટે તમામ પ્રયાસ કરનાર છે. માહોલને મૈત્રીપૂર્ણ બનાવવા માટેના પ્રયાસ કરવામાં આવનાર છે. મહિલાઓ, વિકલાંગો અને સમાજમાં નબળા વર્ગના લોકોને તમામ મહત્વના કામમાં સામેલ કરવા પર વધારે ધ્યાન આપવામાં આવનાર છે. હવે વિવિધતાવાળા વાતાવરણજ ભવિષ્ય બનનાર છે. કેરિયર ટ્રેન્ડસને લઈને તમામ જગ્યાએ ચર્ચા જોવા મળી રહી છે. નવા વર્ષમાં જોબ ઈન્ટરવ્યુ આપની પસંદ અને બિન પસંદના સંબંધમાં રહેશે. ઈન્ટરવ્યુ કરનાર લોકો આ બાબતને પણ જાણવા માટેના પ્રયાસ કરશે કે આપે અગાઉ કેવા પ્રકારના લોકો સાથે કામ કર્યુ છે. વર્ષ ૨૦૧૯માં સંભવિત કંપની આપના ઈમોશનલ કોશેન્ટને જાણવા માટે પણ પ્રયાસ કરનાર છે. એમ્પ્લોયરના મનમાં પણ વિશ્વાસ રહેશે કે જો આપની પાસે વર્કપ્લેસને નેગેટિવ કરવાના પુરતા પ્રમાણમાં આઈક્યુ છે તો ટીમ વધારે પ્રભાવશાળી બની શકે છે. શુ તમને સારા દિવસો યાદ છે. જ્યારે જોબ શોધી કાઢવા માટેની પ્રક્રિયા સરળ હતી. વર્ષ ૨૦૧૦ બાદથી ૨૦૧૬ સુધી સંગઠિત કાર્યક્ષેત્રમાં જોબ શોધી કાઢવા માટેની બાબત ભારતમાં સૌથી સરળ હતી.

તપાસથી ભાગવાના કારણે શંકા વધારે પ્રબળ બની રહી છે કારણ કે...

રાફેલ મામલે ભ્રમની સ્થિતી અકબંધ



રાફેલના મામલે વિરોધ રાજકીય કારણોસર હોઈ શકે પરંતુ શંકાના કેન્દ્ર બિન્દુની તપાસ કરીને જનતાની વચ્ચે રજૂ કરાય તે સરકાર માટે જરૂરી

રાફેલ મામલે રાજકીય ઘમસાણની સ્થિતી જારી રહી છે. રાફેલ મામલે હવે સોશિયલ મિડિયામાં ફરી રહેલા ઓડિયો ટેપ જેમાં કહેવામાં આવ્યુ છે કે રાફેલ સાથે જોડાયેલી ફાઈલ ગોવાના મુખ્યપ્રધાન અને પૂર્વ સંરક્ષણ પ્રધાન મનોહર પારિકરના બેડરૂમમાં છે આ ઓડિયો ટેપ હવે દેશના તમામ ભાગોમાં પહોંચી ગઈ છે. રાજકીય પક્ષો અને નેતાઓની પ્રતિષ્ઠા એટલી હદ સુધી પડી ગઈ છે કે આને તમામ વાસ્તવિક અને પ્રમાણિક માની રહ્યા છે. જો કે સરકાર આ ટેપની પ્રમાણિકતાને લઈને સવાલ ઉઠાવે છે. હોઈ શકે કે તેની શંકા યોગ્ય હોય પરંતુ સરકારને હવે આ બાબતમાં તપાસ કરવાની જરૂર છે. ટેપની પ્રમાણિકતાની તપાસ કરવામાં આવે તે જરૂરી છે. જ્યાં સુધી તપાસ પૂર્ણ કરવામાં આવશે નહીં ત્યાં સુધી રાફેલ મામલે ભ્રમ વધારે ફેલાવશે અને સરકારની મુશ્કેલી પણ વધારશે. રાફેલનો વિરોધ રાજકીય કારણોસર હોઈ શકે અને સરકાર યોગ્ય હોઈ શકે છે. પરંતુ આ મામે તપાસ જરૂરી છે. સરકારને શંકાના કેન્દ્રબિન્દુમાં તપાસ કરાવીને જનતાની વચ્ચે વાસ્તવિકતા રજૂ કરવાની જરૂર છે. સરકાર પોતે એક રાજનીતિનુ પરિણામ છે. સરકાર અને સત્તારૂઢ પાર્ટી માને છે કે તે પહેલાની સરકાર કરતા વધારે ઈમાનદાર છે તો તેની તપાસ કરાવીને આની ખાતરી કરવી જોઈએ. યુપીએ -૨ સરકારને ભ્રષ્ટ સરકાર તરીકે ગણવામાં આવતી હતી. એ વખતે રજી , સીડબલ્યુજી, કોયલા, વાઢેરા, જમીન અધિગ્રહણ જેવા મોટા કોંભાડ સપાટી પર આવ્યા હતા. એ તમામ મામલે તપાસ કરવામાં આવી ચુકી છે. જેપીસીન રચના કરવામાં આવી હતી. જો કે રાફેલ મામલે સરકાર આવુ કરી રહી નથી. તે તેને સુરક્ષા કારણો સાથે જોડે છે. જ્યારે બોફોર્સ અને ઓગષ્ટા વેસ્ટલેન્ડ મામલાનીતપાસ કરવામાં આવી ચુકી છે. આ અલગ બાબત છે કે બોફોર્સ મામલેમાં કોઈ ચોંકાવનાર બાબત સપાટી પર આવી નથી. ઓગષ્ટા મામલે સરકારને એક મોટી સફળતા હાથ લાગી છે. ક્રિશ્યન મિશેલ સરકારને મળી ગયો છે. તેની પુછપરછ કરવામાં આવી રહી છે. જ્યારે આ તમામની તપાસ થઈ શકે છે તો રાફેલને આટલા પવિત્ર તરીકે ગણવા માટે કોઈ કારણ નથી. તપાસથી ભાગવાની બાબત શંકાને મજબુત બનાવે છે.આ મામલે એસઆઈટીની રચના કરવા માટે પૂર્વ કેન્દ્રિય પ્રધાન યશવંતસિંહા, અરૂણ સૌરી અને સુપ્રીમ કોર્ટના સિનિયર એડવોકેટ પ્રશાંત ભુષણ દ્વારા સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી હતી. ત્યારબાદ તેના જવાબમાં સરકારે ખોટી રીતે એફિડેવિટ દાખલ કરીને કોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી કે કિંમતોના સંબંધમાં સીએજી મારફતે તપાસ કરાવી લેવામાં આવી હતી. તેના હેવાલને સંસદીય સમિતિ પણ નિહાળી ચુકી છે. સુપ્રીમ કોર્ટે આ રજૂઆતના આધાર પર આ અરજીને ફગાવી દીધી હતી. જો કે વાસ્તવિકતા એ છે કે હજુ સુધી સીએજી દ્વારા આને ઓડિટ કરવામાં આવી નથી અને સંસદની સમિતિ દ્વારા પણ તેને જોવામાં આવી નથી. સરકારે કહ્યુ છે કે આ ટાઈપોત્રુટી છે. જો કે એફિડેવિટને ધ્યાનથી વાંચવામાં આવે તો તેમાં કોઈ ટાઈપોત્રુટિ દેખાતી નથી. બલ્કે જાણીજોઈને આવી રજૂઆત કરવામાં આવી છે. સરકારે આવી ખોટી એફિડેવિટ માટે પણ તપાસ કરાવી નથી. જો ભુલ હતી તો તેને તપાસ કરાવીને કોઈ દંડ કરવામાં આવ્યો નથી. જો તમામ બાબતો ગુમ રીતે છે તો આનાથી સ્પષ્ટ શંકા થાય છે કે કેટલીક ખામી ચોક્કસપણે રહેલી છે. આ તમામ અરજીદારો દ્વારા ફરી સુધારાણા અરજી દાખલ કરવામાં આવી ચુકી છે. અરજી ફરી અસ્વીકાર થઈ જાય છે તો પણ શંકા અકબંધ રહે છે. તાજેતરના દિવસોમાં રાફેલ મામલે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી આક્રમક દેખાઈ રહ્યા છે. તેમના દ્વારા કરવામાં આવી રહેલા પ્રશ્નો પણ વાજબી છે. કારણ કે સરકારને જવાબ મળી રહ્યા નથી. વહેલી તકે જવાબ નહીં મળે અને સંતોષ નહીં થાય તો લોકસભા ચૂંટણીમાં ભાજપને આની મોટી કિંમત ચુકવવી પડી શકે છે. કારણ કે કોંગ્રેસ પાર્ટીએ રાફેલના મુદ્દાને મોટા મુદ્દા તરીકે બનાવવા માટે સંકેત આપી ચુકી છે.





સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સાત કોલેજમાં યોજાયેલો ચૂંટણી જંગ

ડી.આર.બી. કોલેજમાં સ્પાર્ટન ગ્રુપે ચૂંટણીનો બહિષ્કાર કર્યો

સુરત

ડી.આર. ભાણા કોમર્સ કોલેજમાં ચૂંટણી દરમિયાન સ્પાર્ટન ગ્રુપના ઉમેદવારોની પૂરતી હાજરી હોવા છતાં પણ તેઓના ફોર્મ અમાન્ય જાહેર કરવામાં આવ્યા હતા. સ્પાર્ટન ગ્રુપના તમામ ઉમેદવારો અને સમર્થકોએ ચૂંટણીનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે.

ડી.આર. પટેલ અને આર.બી. પટેલ કોમર્સ કોલેજમાં આગામી ૧૧મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ વિદ્યાર્થિ સંગઠનની ચૂંટણી યોજવાની છે. ચૂંટણી જંગ માટે સ્પાર્ટન ગ્રુપ દ્વારા પોતાના ઉમેદવારોના ફોર્મ ભરવામાં આવ્યા હતા. સ્પાર્ટન ગ્રુપના ઉમેદવારોની વર્ગખંડમાં પૂરતી હાજરી હોવા છતાં પણ તેઓના ફાર્મ રદ કરવામાં આવ્યા હતા. આ અંગે આગેવાનો દ્વારા કોલેજના આચાર્યાને જાણ કરવામાં આવી છતાં કોઈ પગલા લેવાયા નથી તેથી સ્પાર્ટન ગૃપના તમામ ઉમેદવારો અને સમર્થકો દ્વારા સામૂહિક રીતે ચૂંટણીનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હતો. સ્પાર્ટન ગ્રુપના આગેવાનો દ્વારા તેઓના ગ્રુપના ઉમેદવારીના ફોર્મ જાણી જોઈને રદ કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ સાથે ચૂંટણીનો બહિષ્કાર કર્યો છે.

આ દરમિયાન આજેશ હેરની સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત કોલેજોમાં વિદ્યાર્થી સંગઠનની આજે ચૂંટણી યોજાઈ રહી છે. ૯ કોલેજોમાં પી.ટી. સાયન્સમાં ૧૭, કે.પી. કોમર્સમાં ૪૮, એમટીબીમાં ૩૦ કે.પી. ઈવીનીંગમાં ૩૦, વી.ટી. ચોકસી લો કોલેજમાં ૨૬ મળી કુલ ૨૭૫ જેટલા એલ.આર. સીઆર. માટે આજે સવારથી ચૂંટણી શરૂથઈ છે. બપોર બાદ પરિણામો આવે તેવી શક્યતા છે. ૧૧મી જાન્યુઆરીએ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા જ્ઞાનસત્રનો પ્રારંભ થવાનો હોવાથી ત્યાં આજે ચૂંટણી યોજી છે તે આયોજન અન્ય કોલેજોમાં ૧૧મીના રોજ વિદ્યાર્થી સંગઠનની ચૂંટણી થશે.

ગોલવાડ, સીમાડા અને કતારગામ ખાતે જુગાર રમતા ૨૩ ઝડપાયા

કાંતારેશ્વર એપાર્ટમેન્ટના ધાબા પર જુગાર ખેલાતો હતો

સુરત

શહેરમાં ત્રણ સ્થળે ચાલતા જુગાર ઉપર પોલીસે દરોડા પાડી ૨૩ જુગારીની ધરપકડ કરી રૂપિયા ૭૬,૫૭૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

સરથાણા પોલીસે સીમાડા ગામ કિષ્ના નગરમાં જુગાર રમતા સોનુ રામલખન પ્રજાપતિ, રાયસિંગ કુશવાહ, અમિત રાજપૂત, રાજેશ રાજપૂત, જીતેશ કુશવાહ વિરેન્દ્ર રાઠોડ, મહેન્દ્ર મુન્નલા, દેવ સુરેશસિંગ રામસેવક હાકીમસિંગ, બરવારી હાકીમ સિંગ, રાજુ રામસિંગની ધરપકડ કરી રોકડા રૂા. ૨૫,૫૦૦ કબજે કર્યા હતા.

મહિધરપુરા પોછીસે ગોલવાડ કણબીશેરીમાં જુગાર રમતા હરિશ રમેશ ચંદ્ર રાણા, ગણેશ શાંતિલાલ રાણા, નીતિન મુકેશ રાણા, પ્રકાશ રાણા, રાહુલ નરેશ રાણા, વસંત કાન્તિલાલ, જીતેશ રાજેશની ધરપકડ કરી પાંચ મોબાઈલ ફોન, રોકડા મળી કુલ્લે રૂા. ૨૫,૭૨૦ કબજે કર્યા હતા.

કતારગામ પોલીસે કંતારેશ્વર એપાર્ટમેન્ટના ધાબા ઉપર જુગાર રમતા ઘનશ્યામ નરસિંહ પ્રજાપતિ, ભાવેશ ઘોઘારી, ચંદ્રકાન્ત હરજી પ્રજાપતિ, હિતેશ હરજી પ્રજાપતિ, રવજી નાનજી પ્રજાપતિની ધરપકડ કરી રોકડા રૂા. ૨૫, ૩૫૦ કબજે કર્યા હતા. તમામ જુગારીઓ વિરુદ્ધ સ્થાનિક પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

તા.૨૪'મીથી સુરત મહાનગરપાલિકા દ્વારા હોર્ટીકલ્ચર ફેર અને ફ્લાવર શોનું આયોજન

ફ્લાવર શો દરમિયાન વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન કરાયું

સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪-૧-૨૦૧૯ થી તા.૨૮-૧-૨૦૧૯ના રોજ ૧૬મો હોર્ટીકલ્ચર ફેર અને ફ્લાવર શોનું આયોજન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવેલ છે. સદર મેળાના સમયગાળા દરમ્યાન વિવિધ સ્પર્ધાઓ જેવી કે, તાજા ફુલોની ગોઠવણી, ઔષધીય વનસ્પતિના કુંડા, સુકા ફૂલોની ગોઠવણી, ફુલોના ગજરા, બુકે, ફુલોની વેણી, ફુલોના હાર, ફુલોના તોરણ, સલાડ ડેકોરેશન વગેરે સ્પર્ધાઓ રાખવામાં આવેલ છે.તમામ સ્પર્ધાઓ સ્પર્ધકોના બે ગ્રુપ બનાવી કરવામાં આવશે. જેના પ્રથમ ગ્રુપમાં ૧૮ વર્ષ સુધીની ઉમરના તમામ સ્પર્ધકો અને દ્વિતીય ગ્રુપમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરના તમામ સ્પર્ધકો ભાગ લઈ શકશે.

પ્રવેશફોર્મ વિના મૂલ્યે ગાર્ડન ખાતાની ગાંધીબાગ કચેરી ખાતેથી રજાના દિવસો સિવાય દરરોજ ઓફિસ સમય દરમ્યાન સવારે ૧૦.૩૦ થી સાંજે ૫.૦૦ કલાકે મળી શકશે. ભરેલ પ્રવેશફોર્મ તા.૨૨-૧-૨૦૧૯ સુધી સ્વીકારવામાં આવશે. વધુ માહિતી માટે ગાર્ડન ખાતાની ગાંધીબાગ કચેરીમાં રૂબરૂ અથવા ફોન ૦૨૬૧-૨૪૭૩૬૩૩ થી સંપર્ક કરવા વિનંતી.

કેપીઆઈ ગ્લોબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો આઈપીઓ આજથી બજારમાં આવશે



રૂ.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરની કિંમત શેરદીઠ રૂ.૮૦ છે

સુરત

સૌર ઊર્જા ઉત્પાદક કંપની કેપીઆઈ ગ્લોબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (કંપની)એ સોલારિઝમ બ્રાન્ડ નેમ હેઠળ બીએસઈના એસએમઈ પ્લેટફોર્મ પર ઈનિશિયલ પબ્લિક ઓફર (આઈપીઓ) લોંચ કરશે, જે ૮ જાન્યુઆરી ૨૦૧૯નાં રોજ ખુલશે અને ૧૧ જાન્યુઆરી ૨૦૧૯નાં રોજ બંધ થશે. આઈપીઓની ફિક્સ્ડ કિંમત રૂ.૧૦ ની ફેસ વેલ્યુ ધરાવતા કંપનીના ઈક્વિટી શેરદીઠ રૂ.૮૦ છે.

આઈપીઓમાં ઈક્વિટી શેરદીઠ રૂ.૮૦ની ફિક્સ્ડ કિંમત પર રોકડ બદલ રૂ.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતાં ૪૯,૯૨૦૦૦ ઈક્વિટી શેર ઓફર થશે, જેમાં ઈક્વિટી શેર દીઠ રૂ.૭૦ની કિંમતના પ્રીમિયમ શેર સામેલ છે, જેની કુલ કિંમત રૂ.૩૯.૯૩ કરોડ થાય છે, જેમાં ઈક્વિટી શેર દીઠ રૂ.૧૦ની ફેસ વેલ્યુ દરાવતા ૨,૪૯,૬૦૦ ઈક્વિટી શેર સામેલ છે. આ રીતે ઈક્વિટી શેરદીઠ રૂ.૮૦ની કિંમત ધરાવતાં ઈક્વિટી શેરની કુલ કિંમત રૂ.૧.૯૯ કરોડ છે, જે ઈશ્યૂને માર્કેટ મેકર દ્વારા સબસ્ક્રિપ્શન માટે અનામત રાખવામાં આવેલ છે. માર્કેટ મેકર રિઝર્વેશન પોર્શન માટેના આરક્ષિત હિસ્સો બાદ કર્યા પછી વધેલા શેર્સ એટલે કે ઈક્વિટી શેરદીઠ રૂ.૮૦ની કિંમત પર રૂ.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ૪૭,૪૨,૪૦૦ ઈક્વિટી શેરની કુલ કિંમત રૂ.૩૭.૯૩ કરોડ થાય છે, જેને અહીં હવે પછી નેટ ઈશ્યૂ તરીકે ઓળખવામાં આવ્યો છે. બિડ કરવા માટે લોટની સાઈઝ ૧૬૦૦ ઈક્વિટી શેર છે અને પછી રૂ.૧,૨૮,૦૦૦ની અરજીનાં લઘુતમ કદ સાથે ૧૬૦૦ ઈક્વિટી શેર અને એ પછી ૧૬૦૦ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં બોલી લગાવી શકાશે. કંપનીની ઈશ્યૂ અને નેટ ઈશ્યૂ પોસ્ટ ઈશ્યૂ પેઇડ અપ ઈક્વિટી શેર મૂડી અનુક્રમે ૨૭.૬૩ ટકા અને ૨૬.૨૫ ટકા છે.

પલસાણામાં વાહને ઉડાવી દેતા એકનું મોત

સુરત

પલસાણા ખાતે આવેલ નેશનલ હાઈવે પર ગતરોજ એક આધેડ રસ્તો ક્રોસ કરતી વેળા અજાણ્યા વાહને અડફેટે લેતા ઈજાગ્રસ્ત આધેડનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. પલસાણા ખાતે મેઘાપ્લાઝા પ્રમુખ પેલેસમાં રહેતા મૂળ યુપીના હસરૂદીન મહોમ્મદ હુસેન (ઉ.વ. ૪૯) નામના આધેડ ગોનાવાળા મિલમાંથી છૂટીને ઘર તરફ જતા હતા ત્યારે પલસાણા શિવમ હોટલની સામે હાઈવે રોડ ક્રોસ કરતી વખતે અજાણ્યા વાહન ચાલકે અડફેટે લેતા આધેડના શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું કરૂણ મોત નીપજ્યું હતું. બનાવ સંદર્ભે પલસાણા પોલીસે આ અંગે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.













સરથાણા સ્વામીનારાયણ મંદિરમાં 'શાકોત્સવ' અને સિલાઈ મશીનનું વિતરણ

હજારો લોકોએ શાકોત્સવમાં પ્રસાદનો લાભ લીધો

સુરત

મણિનગર શ્રી સ્વામીનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામીનારાયણ મંદિર-સરથાણા, સુરતમાં આજે દિવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી હરિની સ્મૃતિ સાથે હજારો નગરજનોએ શાકોત્સવનો પ્રસાદ લીધો હતો.

શ્રી સ્વામીનારાયણ ગાદી સંસ્થાન દ્વારા માનવ સેવા અભિયાન અંતર્ગત અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આજે વિધવા બહેનોને સિલાઈ મશીન આપવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિધવા બહેનો પગભર થઈને ગૌરવભેર અને આત્મસમ્માનથી જીવન જીવી શકે તે માટે સંચાનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. આ પૂર્વે પંચમહાલ, ડાંગ, નર્મદા, કચ્છ, ભાવનગર, જામનગર વગેરે અનેક જિલ્લાઓમાં ગરીબ અને વિધવા બહેનોને સિલાઈ મશીન આપવામાં આવ્યા છે. આ પ્રસંગે સંત શિરોમણી શ્રી વિજ્ઞાન પ્રકાશ દાસજી સ્વામીએ જણાવ્યું હતું કે પરમ પૂજ્ય આચાર્ય સ્વામીશ્રીની પ્રેરણાથી અને વિશ્વામ જાદવા વરસાણીના સહયોગથી આ લોકોપયોગી પ્રવૃત્તિ થઈ રહી છે. વ્યસનમુક્તિને પણ સંસ્થા દ્વારા ખાસ મહત્ત્વ આપવામાં આવે છે.

અજાણ્યા મૃતકના વાલી વારસો સંપર્ક કરે

વલસાડ - વલસાડ તાલુકાના ગુંદલાવ બ્રીજ ઉપર મુંબઈ થી સુરત જતા રોડ ઉપર તા.૨૮/૧૨/૧૮ના રોજ રાત્રે ૦.૩૦ પહેલાં એક અજાણ્યા વાહન ચાલકે અજાણ્યા વ્યકિતને અડફેટે લેતાં તેનું સ્થળ ઉપર જ મરણ થયું હતું. મૃતકની ઉંમર આશરે ૩૦ વર્ષ, ઊંચાઈ ૫.૭ ફૂટ, રંગે ઘઉંવર્ણ, શરીરે મધ્યમ બાંધો, વાળ કાળા, શરીરે બ્લોક કલરનું સ્વેટર, નીચે વાડલી શર્ટ તથા તેના નીચે ક્રીમ તથા વ્હાઈટ લીટીવાળું ટીશર્ટ તથા કમરે જીન્સ પેન્ટ પહેર્યું છે. જીન્સના જમણા ભાગમાં ભરતક્રામ કરેલું છે. તથના જમણા હાથના કોણીના અંદરના ભાગે દવાખાનાની પ્લાસ્ટિક સોય મૂકેલી છે. આ વર્ણનવાળા વ્યક્તિના જો કોઈ વાલીવારસ હોય તો વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનનો રૂબરૂ અથવા ફોન નંબર ૦૨૬૩૨-૨૪૪૨૯૮ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા આજથી ગરીબ કલ્યાણ મેળો યોજાશે

સુરત

અગાઉ દસ તબક્કામાં યોજાયેલ ૧૪૯૧ ગરીબ કલ્યાણ મેળાઓ થકી ૧.૩૪ કરોડ લાભાર્થીઓને રૂા.૨૩,૮૯૯ કરોડની સહાય આપવામાં આવી છે. જેમાં ૧૩.૯૨ લાખ અનુસૂચિત જાતિના, ૩૪.૫૯ લાખ અનુસૂચિત જનજાતિના તથા ૬૨.૫૫ લાખ મહિલા લાભાર્થીઓને સહાય વિતરીત કરાઈ છે. સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં અગાઉ યોજાયેલ ૧૭ ગરીબ કલ્યાણ મેળામાં ૧.૦૪ લાખ લાભાર્થીઓને રૂ.૧,૦૯૮.૪૧ કરોડની સહાય આપવામાં આવી છે.

અગિયારમાં તબક્કામાં જાન્યુઆરી ૨૦૧૯માં ૩૩ જિલ્લાઓમાં ૩૯ ગરીબ કલ્યાણ મેળાઓ યોજાઈ રહ્યા છે. જેમાં સુરત શહેરમાં ૮મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ યોજાનાર ૧૮માં ગરીબ કલ્યાણ મેળામાં અંદાજીત ૧૩,૫૮૯ લાભાર્થીઓને રૂ.૨૯૫.૩૭ કરોડની સહાય કરવામાં આવશે. સરકારના વિવિધ વિભાગો, બેંકો, વિકાસલક્ષી કોર્પોરેશનો અને વીમા કંપનીઓ દ્વારા અમલ કરાતી યોજનાઓના લાભોનું એક સાથે, એક જ સમયે, એક જ સ્થળેથી વિતરણ કરાશે.

વલસાડ જિલ્લામાં સભા સરઘસબંધી ફરમાવાઈ

વલસાડ

વલસાડ જિલ્લામાં આગામી સમયમાં આવતા વિવિધ તહેવારોને ધ્યાને લેતાં જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે જરૂરી છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ કમલેશ બોર્ડેએ સમગ્ર વિસ્તારમાં તાત્કાલિક અસરથી તા.૧૭/૦૧/૨૦૧૯ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવા કે બોલાવવા કે સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમ લગ્નના વરઘોડા, સ્મશાન યાત્રા, એસટી. બસમાં, રેલવેમાં મુસાફરી કરવા માગતા, મંદિર મસ્જિદ કે દેવળમાં પ્રાર્થના માટે જતી અગર સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી મેળવનાર બોનાફાઈડ વ્યકિત તેમજ સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં.

ચેમ્બર દ્વારા આયોજિત 'સીટેક્સ-૨૦૧૯' પ્રદર્શનને સાંપડેલો જબરજસ્ત પ્રતિસાદ





સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર અને ઉદ્યોગ કમિશનરશ્રી, ગુજરાત સરકારના સંયુકત ઉપક્રમેયોજાયેલા ઢસીટેક્ષ ૨૦૧૯' પ્રદર્શનને જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો. ત્રિદિવસીય આ પ્રદર્શનમાં ૨૨ હજારથી પણ વધુ બાયર્સે મુલાકાત લીધી હતી.મોટાભાગના એકઝીબીટર્સે તો અત્યારથી જ આગામી ઉદ્યોગ અને સીટેક્ષ પ્રદર્શનમાં બુકીંગ માટે તૈયારી બતાવી હતી. ચેમ્બર દ્વારા સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે તા. ૪ થી ૬ જાન્યુઆરી ૨૦૧૯ દરમિયાન સુરત ઈન્ટરનેશનલ ટેક્ષટાઈલ એકસ્પોઢસીટેક્ષ ૨૦૧૯'નું આયોજન કરવામાં આવ્યુ હતુ. ચેમ્બરની બ્રાન્ડ ગણાતા સીટેક્ષ શ્રેણીના આ પ્રદર્શનમાં પહેલા દિવસથી જ બાયર્સનો ધસારો જોવા મળ્યો હતો. પહેલા દિવસેજ પાંચ હજારથી વધુબાયર્સે એકઝીબીશનની મુલાકાત લીધી હતી. બીજા દિવસે સાતહજારથી વધુ બાયર્સે સીટેક્ષની વિઝીટ કરી હતી. જયારે અંતિમ અને ત્રીજા દિવસે દસ હજારથી પણ વધુ બાયર્સે આ પ્રદર્શનની મુલાકાત લેતા ચેમ્બરના પ્રદર્શનને જબરજસ્ત પ્રતિસાદ સાંપડયો હતો. ત્રણ દિવસ દરમિયાન ૨૨ હજારથી પણ વધુ બાયર્સે સીટેક્ષની મુલાકાત લેતા એકઝીબીટર્સને પણ સારો બિઝનેસ મળ્યો છે.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ જણાવ્યુ હતુ કે છેલ્લા કેટલાક સમયથી મંદીનો માર સહન કરતી અને મુશ્કેલીમાંથી પસાર થતી ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીને સીટેક્ષ પ્રદર્શનને કારણે પ્રાણવાયુ મળશે પ્રદર્શનમાં મુકાયેલી લેટેસ્ટ મશીનરીને કારણે હવે ઉદ્યોગપતિઓ અને વેપારીઓ પણ પોતાના ધંધાના વ્યાપ માટે લેટેસ્ટ ટેકનોલોજીવાળી મશીનરીનો ઉપયોગ કરશે. આથી સમગ્ર ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીને વિકાસની દિશામાં ગતિ મળી રહેશે. ઉલ્લેખનીય છે કે, સમગ્ર ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રી માટે યોજાયેલા આ એકઝીબીશનમાં ટેક્ષટાઈલના તમામ સેકટર્સને આવરી લેવામાં આવ્યા હતા. ટેક્ષટાઈલ સંબંધીત દરેક પ્રકારની લેટેસ્ટ મશીનરી અને એન્સીલરીને એકઝીબીશનમાં પ્રદર્શિત કરવામાં આવી હતી. છેલ્લાં ૪૦ વર્ષમાં પ્રથમ વખત એવુ બન્યુ હતુ કે વિશ્વમાં અગ્રણી ગણાતી ચાઈનાની છએછ મશીનરી મેન્યુફેક્ચરીંગ કંપનીઓએ સુરતના આ સીટેક્ષ પ્રદર્શનમાં એકસાથે ભાગ લીધો હતો અને પોતાના દસ – દસ મશીનો પ્રદર્શનમાં મુકયા હતા.















વલસાડની સિવિલ હોસ્પિટલ ખાતે 'સખી' વનસ્ટોપ સેન્ટરનું ઉદ્‌ઘાટન વલસાડ કલેક્ટર સી.આર.ખરસાણ

મહિલાઓને વિવિધ પ્રકારની સેવા એક જ સ્થળે મળી રહેશે- કલેક્ટર સી.આર.ખરસાણ

વલસાડ

વલસાડની સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગર દ્વારા શરૂ કરાયેલા 'સખી' વનસ્ટોપ સેન્ટરનું ઉદ્‌ઘાટન વલસાડ કલેક્ટર સી.આર.ખરસાણના હસ્તે કરવામાં આવ્યું હતું. વનસ્ટોપ સેન્ટર જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, બ્લોક નં.૨, નનકવાડા રોડ, વલસાડ ખાતે કાર્યરત રહેશે.

વલસાડ કલેક્ટર સી.આર.ખરસાણે ગુજરાતમાં આ દ્વીતીય વનસ્ટોપ કેન્દ્ર શરૂ કરાયું હોવાનું જણાવી મહિલાઓએ તેમની સમસ્યાઓ કે અન્ય કોઇ પણ પ્રકારના પ્રશ્નો હોય તો વન સ્ટોપ સેન્ટરની મદદ મેળવવા



અનુરોધ કર્યો હતો. આ સંસ્થા દ્વારા મેડીકલ, કાયદાકીય જ્ઞાન, પોલીસને લગતી તમામ પ્રકારની મદદ કરાશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોઇ પણ મહિલાઓ આવા અત્યાચારના ભોગ ન બને પરંતુ કોઇપણ પ્રકારની પીડિત મહિલાઓએ આત્મહત્યા જેવું અંતિમ પગલું ભરવા કરતાં સખી વન સ્ટોપ સેન્ટર ઉપર પહોંચશે તો તમારો પ્રશ્ન અવશ્ય હલ થઇ શકશે. જિલ્લા વિકાસ અધિકારી ડી.પી.દેસાઇએ જણાવ્યું હતું કે, મહિલાઓને તેમની સમસ્યાઓનું સમાધાન એક જ સ્થળેથી મળનાર હોઇ તે ખૂબ જ ઉપયોગી બની રહેશે મહિલાઓએ કોઇપણ પ્રકારના ભય વિના તેમની ઉપર થતા શોષણને બાબતે નિઃસંકોચપણે રજૂઆત કરવી જોઇએ. જીએમઇઆરએસ મેડીકલ કોલેજના ડીન જી.આર.પટેલ રાજય સરકારના મહિલાલક્ષી અભિગમની સરાહના કરી હતી. સિવિલ સર્જન ડો. આર.એમ. જીત્યાએ મહિલાઓના અધિકારીઓ વિશે વિસ્તૃત જાણકારી આપતાં જણાવ્યું હતું કે, આપણા સમાજમાં ૫૦ ટકા જેટલો હિસ્સો મહિલાઓનો છે અને તેમની સાથે અવારનવાર અત્યાચાર થતા રહે છે. આવી પીડિત મહિલાઓની સહાય અને રક્ષણ માટે વન સ્ટોપ સેન્ટર ખૂબ જ ઉપયોગી બની રહેશે. આ કામગીરીમાં સિવિલ હોસ્પિટલની ભૂમિકા પણ મહત્ત્વની હોઇ તેમાં સંપૂર્ણ સહકાર આપવાની તેમણે ખાતરી આપી હતી. મહિલાઓને ન્યાય અપાવવા અને સગવડ પૂરી પાડવા ૧૮૧ ઉપર ફોન કરવાથી રેસકયુની સુવિધા પણ ઉપલબ્ધ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. ડી.વાય.એસ.પી. શર્માએ જણાવ્યું હતું કે, મહિલાઓની સમસ્યાઓને સમજી તેને તીબીબી તેમજ કાયદાકીય સહાય, માનસિક સપોર્ટ મળે તે જરૂરી છે. જે આ સેન્ટરમાં ઉપલબ્ધ થશે અને સંસ્થાના આ કાર્યમાં પોલીસ વિભાગ પણ સહયોગી આપશે.

નવજાગૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીના એમ.ડી. રામેશ્વર ગોસ્વામીએ સંસ્થાકીય જાણકારી આપતાં જણાવ્યું હતું કે, સેન્ટરમાં મહિલાઓને લગતી તીબીબી સારવાર સહિતની દરેક પ્રકારની માહિતી એક જ સ્થળે મળી રહેશે. અહીં મહિલાઓ વિનાસંકોચે પોતાની રજૂઆત કરી શકશે, જરૂર જણાય તો તેઓ માટે અહીં રહેવાની વ્યવસ્થા પણ કરાશે. મહિલાઓ ઉપર થતા અત્યાચાર સામે રક્ષણ આપવા માટે આ સેન્ટર ૨૪ કલાક કાર્યરત રહેશે, તેમ તેમણે જણાવ્યું હતું.

દહેજ પ્રતિબંધક અધિકારી શૈલેષ કણજરીયાએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકાર્યા હતા. આ અવસરે સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ. ચૌધરી, ટ્રસ્ટના ગીતાબેન, લીલાબેન ગોસ્વામી, પિયુષ ગોસ્વામી, દેવીયર પરિચેહર, સિવિલ હોસ્પિટલ સ્ટાફ સહિત મહિલાઓ હાજર રહી હતા.

કિરણ હોસ્પિટલના ઉપક્રમે દિકરીને જન્મ આપનાર માતાઓને બોન્ડ અર્પણ



યોજનાના રૂ.એક લાખના બોન્ડનું વિતરણ

સુરત

કિરણ હોસ્પિટલ આયોજીત મિશન હેલ્થકેર કાર્યક્રમ અંતર્ગત દીકરીને ૧થી ૫ લાખ સુધીના કિરણ સુકન્યા બોન્ડ અર્પણ કરવાનો કાર્યક્રમ આજે ડીએમડી પાર્ટીપ્લોટ ઉધના- મગદલ્લા રોડ વેસુ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં વિનામુલ્યે હેલ્થ ચેકઅપ કરાવવા ૧૨૦૦૦થી વધુ લોકો ઉમટી પડયા હતા. મિશન હેલ્થકેર કાર્યક્રમ હેઠળ કિરણ હોસ્પિટલ દ્વારા દીકરીને જન્મ આપનાર માતાઓને ૧ લાખના સુકન્યા બોન્ડ અર્પણ કરવામાં આવ્યા હતા તથા પર્યાવરણ જાળવણી માટે ગયા વર્ષે તાપીમાં ગણેશ વિર્સજન નહીં કરનાર મંડળો પૈકી લકી ડ્રોમાં વિજેતા થયેલા ૧૦૦ મંડળોને ૧૧ હજારના પુરસ્કાર અપાયા હતા.

કિરણ હોસ્પિલના ચેરમેન મથુર સવાણીએ જણાવ્યું હતું કે હોસ્પિટલના લોકાર્પણ સમારોહ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં એવી જાહેરાત કરવામાં આવી હતી કે ગાયનેક વિભાગમાં જે માતાની કુખે પ્રથમ બાળકી જન્મશે તેની પાસે પ્રસુતિનો ચાર્જ લેવામાં નહીં આવે. જયારે બીજી પણ દીકરી જન્મે ત્યારે ૧ લાખના કિરણ સુકન્યા બોન્ડ આપવામાં આવશે અને જો એ માતા બીજી દીકરીના જન્મ પછી દીકરી અને દિકરાને એક કરાવશે તો ૫ લાખના બોન્ડ આપવામાં આવશે. આ જાહેરાતનો અમલ થવા જઇ રહયો છે. વર્ષ ૨૦૧૮માં ૩.૫ લાખ દર્દીઓએ આ હોસ્પિલની સેવાઓનો લાભ લીધો છે. ગરીબ અને મધ્યમ વર્ગના વધુ લોકોને અમેરીકા અને યુરોપ જેવી હોસ્પિટલની સુવિધાનો સુરતમાં લાભ મળે તે માટે ૫૦ ટકા સુધીનો ખર્ચ હોસ્પિટલે ભોગવવાનું નક્કી કર્યું છે.

અત્યારે ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશના ગરીબ દર્દીઓ કિરણમાં સારવાર લેવા આવી રહયા છે. હોસ્પિટલના સંચાલકો દ્વારા દર્દીઓના સગાને માત્ર ૩૦ રૂપિયામાં લંચ અને ડિનરની વ્યવસ્થા કરાવવામાં આવી રહી છે.

ઈચ્છાપોર ગામમાં અકસ્માત કરનાર બાઈક સવારને ટોળાએ પતાવી દીધો

ટોળાએ બેફામ રીતે માર મારતા અડાજણના શૈલેષ ચૌધરીનું કરૂણ મોત

સુરત

ઈચ્છાપોર ગામ બસ સ્ટેન્ડ પાસે અકસ્માત કરનાર મોટર સાઈકલ ચાલકને પકડી લઈ લોકોએ ઢીક-મુક્કીનો ગંભીર માર મારતા મોટર સાઈકલ ચાલકનું મૃત્યુ નીપજયું હતું. ઈચ્છાપોર પોલીસે ચાર જણાં વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ઈચ્છાપોર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અડાજણ ગામ ધોબીના ખાંચામાં રહેતા દિનેશભાઈ ઉકાઈભાઈ ચૌધરીનો દીકરો શૈલેષ (ઉ.વ. ૨૪)નો પોતાની મોટર સાઈકલ લઈને ઈચ્છાપોર ખડી મહોલ્લામાં કામ અર્થે જતો હતો.

ત્યારે તેનાથી મગનોજ નામના છોકરાનું એક્સિડન્ટ થતા લોકો ભેગા થઈ ગયા હતા. જેમાં આરોપી મનિષા દીપક રાઠોડ રાધા રાજેશ રાઠોડએ ફરિયાદીના છોકરા શૈલેષને પકડી લઈ ઢીક-મુક્કીનો મરણતોલ ભાર મારતાં શૈલેષનું મૃત્યુ થયું હતું. આ બનાવ ગત તા. ૬/૧/૧૯ના રોજ સાંજ ૭ વાગે બન્યો હતો. ઈચ્છાપોર પોલીસે મૃતક શૈલેષના પિતા દિનેશ ઉકાભાઈ ચૌધરીની ફરિયાદ નોંધી જણાં વિરુદ્ધ હત્યાનો ગુનો દર્જ કર્યો હતો.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	100/-
2nd	70/-
3rd	50/-
4th	40/-
5th	30/-
Total	290/-

માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	750/-
2nd	500/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-
Total	1900/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશોષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ

Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.

લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.

પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્સનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-

- જે વિદ્યાર્થીઓને એડમીશન લીધે ઓછામાંઓછા ત્રીસ ના હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપી. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને ઓબીસીના વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર ફ્રીમાં/ઓછા ખર્ચમાં પ્રવેશ અપાશે તથા ફી રાહત કાર્ડ ની સવલત
- ખાનદાન ફેમીલીના લોકો ટ્રસ્ટમાં ટ્રસ્ટ, સભ્યશ્રી તેમજ દાતાશ્રી સ્ટાફ
- એક જ ફેમીલીમાંથી ૩૦ વર્ષથી ઓછી ઉંમરના ત્રણ યુવકોનો એડમીશન ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ખાતેથી તદ્દન ફ્રીમાંથી કરાશે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી વિદ્વાનો દ્વારા અલગ-અલગ ક્લાસ રૂમ અને સુરક્ષ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, યુરોપ સ્ટેન્ડર્ડ ક્લિનિક પ્રમાણની સુવિધા સ્ટેન્ડર્ડ રૂમ-ટોયલેટ સોકયુરીટીની સુવિધા
- ફુલ ટ્રેનડો ભણી ફ્રોર પોતાના ભણતા પ્રમાણપત્ર સાથે ભણી ચૂકેલા તે પહેલાના પોતપોતે પોતાના ધંધામાં લાગી જાય છે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802





આજે કેવડીયા-સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે જિલ્લા પ્રભારી મંત્રી બચુભાઈ ખાબડની ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે

૧૫ દેશના ૪૮ અને ભારતના વિવિધ ૯ રાજ્યોના ૫૭ સહિત કુલ- ૧૦૫ પતંગબાજો પતંગ મહોત્સવમાં ભાગ લેશે

રાજપીપળા : નર્મદા જિલ્લા વહિવટીતંત્ર અને ગુજરાત પ્રવાસન વિકાસ નિગમ લિ., ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા.૮ મી જાન્યુઆરી એ સવારે ૯-૩૦ કલાકે સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક કેવડીયામાં લીમડી હેલીપેડ ગ્રાઉડ ખાતે ગુજરાતના ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, પશુપાલન, અને ગૌસંવર્ધનનાં રાજ્યકક્ષાનાં મંત્રી અને નર્મદા જિલ્લાના પ્રભારી મંત્રી બચુભાઈ ખાબડના અધ્યક્ષપદે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ- ૨૦૧૯ યોજાશે.

ભરૂચના સંસદસભ્ય મનસુખભાઈ વસાવા, છોટાઉદેપુરના સંસદસભ્ય રામસિંહભાઈ રાઠવા અને ગુજરાત પ્રવાસન નિગમના ડિરેક્ટર ગજેન્દ્રસિંહ જાડેજાના અતિથિવિશેષ પદે યોજાનારા આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં જુદા જુદા ૧૫ જેટલા દેશોનાં ૪૮ પતંગબાજો અને ભારતનાં ગુજરાત સહિત જુદા જુદા ૯ રાજ્યોનાં ૫૭ પતંગબાજો સહિત કુલ- ૧૦૫ જેટલા પતંગબાજો આ મહોત્સવમાં ભાગ લેશે, જેમાં દેશ વિદેશના પતંગબાજોના અવનવા પતંગો સાથેના કરતબો માણવાના અદભૂત અવસરનો લાભ મળશે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં આર્જેન્ટીના, ઓસ્ટ્રેલીયા, બેલારૂસ, બેલ્જીયમ, બ્રાઝીલ, બલ્ગેરીયા, કંબોડીયા, કેનેડા, ચીલે, ચાઈના, કોલંબીઆ, ક્રોએટીઆ, ક્યુરેકો, એસ્ટોનીયા અને ફીનલેન્ડ જેવા વિવિધ દેશોના ૪૮ પતંગબાજો ઉપરાંત ભારતના ગુજરાત, આંધ્રપ્રદેશ, બિહાર, કર્ણાટક, મહારાષ્ટ્ર, દિલ્હી, પશ્ચિમ બંગાળ, કેરાલા અને રાજસ્થાન રાજ્યોના ૫૭ જેટલા પતંગબાજો તેમાં ભાગ લેશે.

આમોદ પોલીસે રૂપિયા ૧,૧૭,૮૧૦/ના મુદ્દામાલ સાથે સાત જુગારીયાઓને દબોચી લેતા ફફડાટ



જુગારના રોકડા રૂપિયા ૧૦,૩૧૦/- તથા મોબાઈલ ફોન નંગ - ૦૫ તથા મો.સા નંગ - ૦૩ તથા જુગાર રમવાના સાધનો મળી કુલ રૂપિયા ૧,૧૭,૮૧૦/- નો કેશ કર્યો

પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ યુડાસમાનાઓ તરફથી તરફથી જીલ્લાની પ્રોહી - જુગારની અસામાજીક પ્રવૃત્તી ચલાવતા ઈસમો વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરવાની સુચના આધારે નાયબ પોલીસ અધિક્ષક અશોકસિંહ ગોહિલ જંબુસર વિભાગ, જંબુસરનાઓની માર્ગદર્શન મુજબ કે.એ.ચૌધરી પો.સબ.ઈન્સ આમોદ પોલીસ સ્ટેશનનાઓની બાતમી આધારે નાહીયેર ગામની સીમમાં, દાંડીયાત્રા જવાના રોડની બાજુમાં આવેલ બાવળીની ઝાડીમાં ખુલ્લી જગ્યામાં જુધાર અંગેની રેઈડ કરતા આરોપીઓ કુલ - ૦૭ તથા જુગારના રોકડા રૂપિયા ૧૦,૩૧૦/- તેમજ જુધારના સાધનો મળી કુલ રૂપિયા ૧,૧૭,૮૧૦/- ના મુદ્દામાલ સાથે પકડાઈ જતા તમામ આરોપીઓ વિરુધ્ધ જુધાર ધારા કલમ -૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

માનવ સહકાર સેવાભાવી ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે કેમ્પ અને અનાથ બાળકોના ભણતરની જવાબદારી લેવાઈ



તા ૦૬/૦૧/૨૦૧૯ ના રોજ રવિવારે સવારે ૯:૩૦ થી ૧ વાગ્યે સુધી માનવ સહકાર સેવાભાવી ટ્રસ્ટ દ્વારા વિના મુલ્યે ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

નવાગામ CNG ગેસ પંપ ની સામે, નવાગામ ઉધના સુરત, ખાતે યોજાયેલા આ કેમ્પમાં નિશુલ્ક બ્લડ ચેકઅપ અને નિશુલ્ક બ્લડ પ્રેશર ચેકઅપ તથા શુગર પ્રેશર ચેકઅપ, થાઈરોડ, સ્કીન,ખરતા વાળ, દાંત, જુના દુઃખાવાની, કમજોરી, પાઈલ્સ (મુળવેદ), આંખની સમસ્યા (ફી ઓપરેશન તેમજ રાહતદર ભાવે ચશ્મા વિતરણ)નું આયોજન કરવામાં આવ્યું જેમાં ૧૪૫૦ જેટલા દર્દીને સારવાર આપી ઉપરાંત ૧૦૦ માતા પિતાની છત્રછાયા ગુમાવી ચૂકેલા અનાથ બાળકોને ધોરણ, ૮ થી ૧૨ સુધી ભણવાનો ખર્ચ માનવ સહકાર સેવાભાવી ટ્રસ્ટ દ્વારા ઉપાડવાની જવાબદારી પણ લીધી હતી. ત્યા આજના આ સ્વાર્થી યુગમાં પોતાના જ જયારે સાથ છોડી દેતા હોય એવા સમયે આ સંસ્થા દ્વારા માનવતા પૂર્ણ કામગીરી કરવામાં આવી હતી.

રાજપીપળામાં બેન્કોની લાલિયાવાડીના કારણે નગરપાલિકા કમચારીઓના પગાર અટવાયા



રાજપીપળા : રાજપીપળા નગરપાલિકામાં કામ કરતા કર્મચારીઓ નો પગાર જમા ન થતા બેન્કોની લાલીયાવાડી છતી થઈ હતી નગરપાલિમાં કામ કરતા કાયમી અને હંગામી કર્મચારીઓ આ કારમી મોંઘારીમાં પગારની રાહ જોઈ બેઠા હતા ત્યારે પાલિકા દ્વારા શુક્રવારે કાયમી અને શનિવારે રોજમારો ના પગારના ચેક જે તે બેન્કોમાં જમા કરાવ્યા ત્યારે સોમવારે સાંજ સુધી પણ કર્મચારીઓના ખાતા મૌસા જમા ન થતા પગારની રાહ જોઈ બેઠેલા કર્મચારીઓ નિરાશ થયા હતા ત્યારબાદ જાણવા મળ્યું કે કર્મચારીઓ ના ચેક બે દિવસ પહેલાજ બેન્કોમાં જમા થઈ ગયા હતા પરંતુ બેન્કોના કર્મચારીઓની આળસ કહો કે લાલીયાવાડી હજુ સુધી પગારના નાણા જમા થયા નથી અને મંગળવારથી બેન્કોમાં બે દિવસની હડતાલ હોય ગરીબ કર્મચારીઓ બેન્કોની આવી લાલિયાવાડીના કારણે અટવાઈ પડ્યા છે

આમતો સરકાર નવા નવા નિયમો અને કાયદાઓ સાથે યોજનાઓ અમલમાં મૂકે છે પરંતુ એમાં બેંકો ના ગ્રાહકો કેવી અને કેટલી સારી સેવા અપાય છે એ કોણ તપાસ કરશે..? રાજપીપળામાં અમુક બેન્કોના એટીએમ પણ શોભાના ગાંઠિયા સમાન છે જયારે દેના બેન્કે તો પોતાનું એકજ એટીએમ હતું એ પણ બંધ કરી દેતા અન્ય બેન્કો ના એટીએમ માંથી વધુ વાર રૂપિયા ઉપાડતા ગ્રાહકે વધારાનો ચાર્જ ભોગવવો પડે છે અને આ માટે બેન્કમાં પૂછતાં ઉડાઉ જવાબો અપાય છે ત્યારે રાજપીપળા માં મોટાભાગની બેન્કો માં ગ્રાહકને અપાતી સર્વિસ માત્ર કાગળ પરજ હોય એમ લાગે છે તો ગ્રાહકોની આ ફરિયાદનો ઉકેલ કોણ લાવશે...? રિઝર્વ બેંકમાં બેઠેલા અધિકારીઓ ફક્ત નિયમો બનાવવા માટેજ બેઠા છે...? નર્મદા જિલ્લા જેવા પછાત જિલ્લાની બેન્કોમાં સારી સેવા મળે તેવી ગ્રાહકોની માંગ છે.

શનિવારે પાલિકાએ જમા કરેલો પગાર સોમવારે સાંજ સુધી પણ કર્મચારીઓના ખાતામાં જમા ન થતા બેન્કની લાલીયાવાડી સામે આવી

સગરામપુરા ચોગાન શેરીમાં ગેરકાયદે બાંધકામનું ડિમોલીશન

સુરત

સેન્ટ્રલ ઝોનનાં ડે.કમિશનર અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૨, નોંધ નં.૩૯૯૮, ૩૯૯૯ યોગાન શેરી, સગરામપુરા વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા દ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરૂદ્ધ તા.૫-૧-૨૦૧૯નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિભાગ, દબાણ ખાતના સ્ટાફ તથા સુરત સિક્યોરિટી સ્ટાફની મદદથી ડીમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત છઠ્ઠા માળે આશરે ૧૧૮૪ ચો.ફુટ માર્જીન તથા આશરે ૨૭૫૦ ચો.ફુટ ચતણર દુર કરવામાં આવેલ છે.

ઝઘડીયા પો.સ્ટે.ના સને ૨૦૧૭થી પોલીસ ધરપકડથી નાસતા ફરતાં આરોપીને ઝડપી પાડતી પેરોલ ફ્લો સ્કોડ ભરૂચ



ભરૂચ જીલ્લા પોલીસ અધિ. રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓના માર્ગદર્શન તથા પો.સ..ઈ એ એસ ચૌહાણની સુચના મુંજ ભરૂચ જીલ્લામાં નાસતા ફરતા તથાપકડવાના બાકી આરોપીઓ શોધી કાઢવા જણાવેલ જે અનુસંધાને ભરૂચ જીલ્લાના ઝઘડીયા પો.સ્ટે, વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન ઝઘડીયા પો.સ્ટે,ના ગુનાના કામે પકડવાના બાકી આરોપી પ્રકાશભાઇ વસંતભાઇ ઠાકોર ઉ.વ.આ. ૩૦ રે. ગોવાલી મહાકાળી નગર તા.ઝપડીયા જી. ભરૂચનાને મળેલ બાતમી આધારે ગોવાલી મુકામેથી મળી આવતાં તા.૦૬/૦૧/૧૯ નારોજ સી.આર. પી.સી. કલમ- ૪૧(૧) આઈ મુજબ અટક કરી ઝઘડીયા પો.સ્ટે.માં આગળની કાર્યવાહી કરવા સુપ્રત કરવામાં આવેલ છે.









આજથી બે દિવસ બેન્કો, વીમા કંપની, આશાવર્કરો અને કોન્ટ્રાક્ટર કર્મીઓની રાષ્ટ્રવ્યાપી હડતાળ

સુરત ટ્રેડ યુનિયન કાઉન્સિલ દ્વારા બે દિવસીય હડતાળનું આહવાન કરાયું

સુરત

કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (સીપીઆઈ)ના સુરત શહેર જિલ્લા મંત્રી સુગીત પાઠકજી અખબારી યાદીમાં જણાવે છે કે નરેન્દ્ર મોદીની સરકારની કામદાર વિરોધી નીતિઓના વિરોધમાં સમગ્ર દેશના તમામ કામદાર સંગઠનોએ ૮મી અને ૯મી જાન્યુઆરી-૨૦૧૯ના રોજ રાષ્ટ્રવ્યાપી હડતાળની જાહેરાત કરી છે.

સુરત ખાતે થનારી છે. જેમાં એટક, સીટુ, ઈન્ટુક, બેંક, વીમા, કોન્ટ્રાક્ટના મજૂરો, આશાવર્કરો પણ આ હડતાલમાં સામેલ થવાના છે. આ હડતાલની મુખ્ય માંગણીઓમાં ભાવવધારો નાથવા તાકીદે પગલા ભરો, જાહેર વિતરણ પ્રણાલીનેમજબૂત બનાવો, ૧૮૦૦૦ રૂપિયા પ્રતિમાસ જેટલું શ્રમિકોને માટે લઘુત્તમ વેતન પૂરું પાડો, તમામ કામદારોને સામાજિક સુરક્ષા પૂરી પાડો, કોન્ટ્રાક્ટ સિસ્ટમ, હાયર એન્ડ ફાયરની નીતિ બંધ કરો, રેલવે-વીમા ક્ષેત્રમાં સીધા વિદેશી મૂડી રોકાણ (એફડીઆઈ)ને બંધ કરો, ઉપરાંત રોજગાર નિર્માણના નક્કર પગલા ભરી વધતી જતી બેરોજગારીને નિયંત્રિત કરો છે.

આ તમામ માંગણીઓ સાથે કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા દેશના કામદાર વર્ગની સાથે છે અને આ બે દિવસીય હડતાળમાં સુરત ખાતે કોમ્યુનિટ પાર્ટીના નેતાઓ, આગેવાનો અને કાર્યકર્તાઓ સક્રિય પણ સામેલ થશે તેમજ આ હડતાલને સીપીઆઈ ટેકો જાહેર કરે છે અને સુરતની જનતાને અપીલ કરે છે. કે ૮મી જાન્યુઆરીએ સવારે ૧૦:૩૦ વાગ્યે કિલ્લાના મેદાનમાં યોજાનારી જાહેરસભામાં વધુ સંખ્યામાં લોકો જોડાઈને હડતાળને સફળ બનાવે તેવી જાહેર અપીલ કરવામાં આવી છે.

ઉત્તર દિશાથી પવન ફૂંકાતા દક્ષિણ ગુજરાતમાં ઠંડી યથાવત : નવસારીમાં ૭.૮, વલસાડમાં ૮.૬ ડિગ્રી

સુરત જિલ્લામાં પણ શીતલહેર સાથે આજે લઘુત્તમ તાપમાન ૧૩.૬ ડિગ્રી નોંધાયું

સુરત

સમગ્ર રાજ્યમાં ઉત્તર દિશાથી ફૂંકાઈ રહેલી શીતલહેરની અસરથી તાપમાનનો પારો ૪ થી ૫ ડિગ્રી ઘટયો છે. રાજ્યમાં સૌથી વધુ ઠંડી આજે સતત છઠ્ઠા દિવસે નવસારીમાં ૭ અને વલસાડમાં ૮ ડિગ્રી તાપમાન સાથે નોંધાઈ છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૨૮.૮ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૩.૬ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનુ પ્રમાણ ૪૨ ટકા અને હવાનું દબાણ ૧૦૧૭.૯ મીલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૪ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફૂંકાઈ રહ્યો છે ગતરોજની સરખામણીએ આજે શહેરમાં ૧ ડિગ્રી ઠંડી વધી છે. ઉત્તર દિશાથી ફૂંકાતા પવનના લીધે શહેરીજનોને ફુલગુલાબી ઠંડીનો અનુભવ થયો હતો. નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે પણ સમગ્ર રાજ્યમાં સૌથી વધુ ઠંડી ૭.૮ ડિગ્રી નોંધાઈ છે. સતત ૬ દિવસથી નવસારી સિંગલ ડિજીટ ન્યુનત્તમ તાપમાન સાથે ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યું છે. વલસાડમાં આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૮.૬ ડિગ્રી નોંધાયું છે જે ગત રોજ ૯.૧ ડિગ્રી નોંધાયું હતું. રાજ્યમાં નલીયા, ડીસા અને ગાંધીનગરમાં પણ સિંગલ ડિજીટમાં ન્યુનત્તમ તાપમાન નોંધાયું છે.

ઉત્તરાયણના તહેવારને લઈને પ્રતિબંધાત્મક જાહેરનામું

વલસાડ

આગામી તા.૧૪ અને ૧૫મી જાન્યુઆરીના રોજ મકરસંક્રાન્તિના તહેવારની ઉજવણી કરવામાં આવનાર છે. આ દિવસોમાં આગમચેતીના પગલાંરૂપે વલસાડ કલેક્ટર સી.આર.ખરસાણે એક જાહેરનામા દ્વારા કેટલાક પ્રતિબંધ ફરમાવ્યા છે. આ પ્રતિબંધક હુકમ તાત્કાલિક અસરથી તા.૨૫/૧/૨૦૧૯ સુધી લાગુ પડશે.

જે અનુસાર વલસાડ જિલ્લામાં વેપારીઓ તથા આમ જનતાએ સ્કાયલેન્ટર (ચાઈનીઝ તુક્કલ) ચાઈનીઝ માંજા, પ્લાસ્ટિક, નાયલોન દોરી, કાચ પાયેલી તથા મેટાલીક કોટિંગ કરેલ અથવા અન્ય હાનીકારક પદાર્થોથી કોટિંગ કરેલી દોરી તથા નાયલોન અથવા અન્ય સીન્થેટીક પદાર્થથી કોટિંગ કરેલી હોય અને નોન-બાયોડીગ્રેબલ ઓય તેવી દોરીનો સંગ્રહ, વેચાણ તથા પતંગ ચગાવવા માટે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. જાહેર માર્ગો કે રસ્તાઓ ઉપર પતંગ ઉડાડવા નહીં તથા કપાયેલા પતંગો મેળવવા હાથમાં લાંબા ઝંડા, વાંસ વગેરે લઈ જાહેર રસ્તાઓ, ગલીઓ, શેરીઓ દોડાદોડી કરવી નહીં. રસ્તાઓ તથા રેલવે લાઈન નજીક તથા ગલીઓમાં ઈલેક્ટ્રીક તથા ટેલીફોનના વાયરો નજીક આવી પ્લાસ્ટિક અને સીન્થેટીક ચાઈનીઝ બનાવટના દોરા તેમજ મેટાલીક કોટિંગ કરેલા તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટિંગ કરેલા દોરાથી પતંગો ઉડાડવા નહીં તથા આગ-અકસ્માત ન થાય તે હેતુસર ભેરવાયેલા પતંગ ઉતારવાના પ્રયત્નો કરવા નહીં. વલસાડ બહારથી આવી ઉક્ત ચીજો વેચાણ કરનાર વેપારીઓને પણ આ હુકમ લાગુ પડશે. હુકમનો ભંગ કરનાર બીનજામીનલાયક ગુના માટે સજાને પાત્ર થશે.

આર.ટી.ઓ. વલસાડ ખાતે બે પેસેન્જર બસોની હરાજી કરાશે

વલસાડ

વલસાડની પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી કમ્પાઉન્ડમાં પેસેન્જર બસ મોટર વાહન નં. GJ-15-X6420 અને GJ-15-X6420 ચાલુ કન્ડીશનમાં ઘણા લાંબા સમયથી વાહનોનો વેરો બાકી હોઈ વાહન માલિકોને અનેકવાર ટેક્ષ ભરવાની નોટિસો ઈસ્યુ કરવામાં આવી હોવા છતાં તેઓ ટેક્ષ, દંડ કે રજુઆત કરવા આવ્યા નથી. જેથી ગુજરાત મોટર વ્હીકલ એકટની કલમ મુજબ રેવન્યુ રાહે સરકારનું લેણુ વસુલ કરવાનો નિર્ણય લેવાયો છે. ઉક્ત બન્ને વાહનની અપસેટ કિંમત રૂા.૮૦ હજાર રાખવામાં આવી છે. વાહનની નિવિદા પ્રસિદ્ધ થયા તારીખથી સાત દિવસમાં કચેરી સમય દરમિયાન જોઈ શકાશે. આઠમા દિવસે પાંચ વાગ્યા સુધીમાં અને જો આઠમા દિવસે રજા આવતી હશે તો તે પછીના દિવસે બંધ કવરમાં બીડ રજૂ કરી શકાશે. વાહનની હરાજી બીડ રજૂ થયા પછીના બીજા દિવસે રાખવામાં આવશે. હરાજી અંગેના નિયમો કચેરીના નોટીસ બોર્ડ ઉપર મૂકવામાં આવશે, એમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી વલસાડ દ્વારા જણાવાયું છે.



સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતાં કાર નદીમાં ખાબકી, ત્રણનાં મોત

સુરત

મોટા વરાછા વિસ્તારમાંથી પસાર થતી એક સફેદ કલરની કાર પૂરપાટ દોડતી હતી એ દરમિયાન સીધી તાપી નદીમાં ખાબકી હતી. જેથી કારમાં સવાર ચાલક,મહિલા અને બાળકને ફાયરબ્રિગેડની મદદથી તમામને બહાર કાઢી લેવામાં આવ્યાં હતાં. ત્રણેયને ખાનગી વાહનમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જેમાં ત્રણેય વ્યક્તિના સારવાર દરમિયાન મોત નીપજ્યાં હતાં.

મોટા વરાછા ખાતેઆવેલી હરેકૃષ્ણ સોસાયટીમાં રહેતા રાજેશભાઈ મકાણી તેની નિશાન માઈકા કાર(જીજે ૨૭ કે ૬૪૫૮) માં તેમના મોટા કાકી વિમળાબેન બાલુભાઈ મકાણી અને ભાણી ચાહત હિતેશભાઈ માલવીયાને લઈને વેલંજા જઈ રહ્યાં હતાં. આ દરમિયાન કોરાટ બ્રીજ નજીક આવેલા તાપી કાંઠેથી પસાર થઈ રહ્યાં હતાં. એ વેળા અચાનક સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતાં કાર નદીમાં ખાબકી હતી. જેમાં રાજેશભાઈનું સ્મીમેર, શોભનાબેન અને બાળકનું ખાનગી હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

ફાયર બ્રિગેડના અધિકારીઓએ જણાવ્યું હતું કે, મોટા વરાછા ખાતેની તાપી નદીમાં કાર ખાબકી હતી. ફાયરબ્રિગેડને જાણ થતાં કાફલો ત્યાં પહોંચી ગયો હતો. અને તમામને બહાર કાઢીને હોસ્પિટલ ખસેડીને કારને બહાર કાઢવામાં આવી હતી. રેસ્ક્યુ દરમિયાન તાપીમાં માછલી પકડતાં નાવડીવાળા પણ મદદ માટે આવી પહોંચ્યાં હતાં.

વરાછા અમર જ્યોત ફલેટમાંથી ચોરી થઈ

સુરત

વરાછા ઉમિયાધામ અમર જ્યોત એપાર્ટમેન્ટ ફલેટ નં. જી-૩માંથી અજાણ્યા તસ્કરો સોનાના દાગીના, રોકડા મળી કુલ્લે રૂા. ૯૫૦૦૦ની મતા ચોરી કરી ગયા હતા.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અમર જયોત એપાર્ટમેન્ટ નં. ૧ ફલેટ નં. જી-૩ના દરવાજો નકૂચો તોડી અજાણ્યા તસ્કરો રૂદ્રાક્ષ તુલશી સોનની માળા રોકડા રૂા. ૧૫૦૦ની મળી કુલ્લે રૂા. ૯૫૦૦૦ની મતા ચોરી કરી ગયા હતા. ફલેટ માલિક કમુબેન જયંતિભાઈ બાબરિયાએ વરાછા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.











